Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 23 - Issue : 09

June, 2019



મારા જેવા તપેલાની પરે રખાવજો કૃપા,
મૂકશો હડસેલી ના તમોમાંથી મને કદા.

અંતરના વિષાદોથી ઘવાયો નથી જે ઉરે,
ચેતનાશક્તિ એવાને કોઈ કાળે ના મળી શકે.

ભક્તિ ને ધ્યાન ને યોગ, જ્ઞાન-સૌનો સમન્વય
-આપણામાં થશે ત્યારે સુમેળ જન્મશે ઉર.

- શ્રીમોટા

'જીવન પગલે', બી. આ., પૃ. ૩૩,૪૮,૯૫



સદ્ગુરુ મળે તો કર્મ ટળે. સદ્ગુરુ કર્મ ટાળવાનું કારણ છે. કર્મ બાંધવાનાં કારણો મળે તો કર્મ બંધાય અને કર્મ ટાળવાનાં કારણો મળે તો કર્મ ટળે.

આત્મા અને સદ્ગુરુ એક જ સમજવા.

- શ્રીમદ્ રાજચંદ્ર

'શ્રીમદ્ રાજચંદ્ર-૩', પૃ. ૭૧૮

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૩ અંક : ૯ જૂન, ૨૦૧૯

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. હરિજન સંતો : ચોખામેળા .................... શ્રીમોટા ૪
૨. કોઈએ કદર કરી ન હતી ...................... શ્રીમોટા ૧૧
૩. હિમાલયમાં દિવ્યાનંદ : (૭) .............. શ્રીદાસાનુદાસ ૧૨
૪. કર્મયોગી મણિબા .................... કાર્તિકેય અ. ભટ્ટ ૧૩
૫. ભક્તિમાર્ગ સહેલો, જ્ઞાનમાર્ગ કઠણ ..................
............................... શ્રીરામકૃષ્ણ પરમહંસ ૧૫
૬. જીવનને ઘડવાની પૂજ્ય શ્રીમોટાની અનોખી રીત ........
.................................. પુષ્પાબહેન દલાલ ૧૭
૭. માતૃપૂજા : સહજ સાધના ...................... શ્રીમોટા ૨૦
૮. પૂજ્ય મોટાની કૃપાસહાય અમે અનુભવી છે ............
............................ ભૂપેન્દ્ર રામભાઈ પટેલ ૨૧
૯. મૂર્તિપૂજા પાછળ પણ રહસ્ય છે ......... સ્વામી સદાશિવ ૨૩
૧૦. સર્વ અન્નમાં ભાખરી શ્રેષ્ઠ છે ...... શ્રીઉપાસની મહારાજ ૨૪
૧૧. પૂજ્યશ્રી દેવશંકર બાપા (૧) ...... શ્રી રસિકભાઈ મહેતા ૨૫

## સૌજન્ય

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન પરિવાર એવા ઈંદ્રવદન ભલાભાઈ લેખડિયા ચૅરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવાર પ્રત્યે અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**-સંપાદક**

## (૧) ચોખામેળા

શ્રીમોટા

*(પૂજ્ય શ્રીમોટા દ્વારા 'હરિજન સંતો' અંગે એક નાની પુસ્તિકા લખાઈ હતી. તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૫૪માં પ્રકાશિત થયેલી. તેની ચોથી આવૃત્તિમાંથી રવિદાસ અને હરિદાસ અંગે 'હરિભાવ'માં લખાણ લેવાયા બાદ હવે આ સંત ચોખામેળાનો છેલ્લો લેખ છે. - સંપાદક)*

### મહારાષ્ટ્રને સંતોએ જગાડ્યું

મધ્યકાલીન યુગના ધાર્મિક વાતાવરણમાં જે ભારે ખળભળાટ અને બળવો જન્મ્યા હતા, જે ધાર્મિક સુધારાનો પ્રચાર ઉત્તર હિંદુસ્તાનમાં થયો હતો, તેની અસર મહારાષ્ટ્ર પર પણ ખૂબ પડી હતી. ત્યાં પણ ધ્યાનદેવ, જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ, તુકારામ, નામદેવ આદિ સંતોએ એક જ પ્રકારની ભાવનાનો ખૂબ ખૂબ પ્રચાર કરવા માંડેલો. તે ધાર્મિક સાત્ત્વિક હિલચાલે ત્યાં બહુ જ સુંદર અને સંગઠિત સ્વરૂપ પકડ્યું હતું. જ્ઞાનદેવ આદિ સાધુ પુરુષો આળંદી ગામના હતા. તેમને જ્ઞાતિબહાર મૂકવામાં આવેલા. જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ આદિ સંતો જાહેરરૂપે હિંમતપૂર્વક કહેતા કે યજ્ઞયાગ અને કર્મકાંડ કરતાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિભાવવાળો ધર્મ અનેક રીતે ચઢિયાતો છે. વળી, શ્રીભગવદ્ગીતા જેવા વિદ્વદ્ભોગ્ય ગ્રંથને મરાઠી ભાષામાં સુંદર રીતે ઉતારી સર્વસામાન્ય જનતાને માટે એમણે સુલભ કરી મૂક્યો. મહારાષ્ટ્રના સારાયે પ્રદેશમાં મુસાફરી કરી જ્યાં ત્યાં લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવા માંડ્યો. એમણે તો આખાયે જનસમાજના કલ્યાણ માટે જ્ઞાનની પરબ માંડી હતી. આથી, બ્રાહ્મણ વિદ્વાન સમાજની મહત્તાને અને પ્રતિષ્ઠાને મોટામાં મોટો ફટકો પડ્યો. આવા સંતોની ભાવનાનો પ્રચાર કરવામાં બીજા અનેક સંતભક્ત કવિઓએ પણ ભાગ ભજવ્યો છે.

મહારાષ્ટ્રની જનતા ઉપર આની ભારે અસર પડી. તેથી, તેમનામાં સામાજિક અને ધાર્મિક સ્વતંત્રતાનું પ્રચંડ જોમ પ્રગટી નીકળ્યું. સમાજની નીચલા થરની કોમોમાં પણ સંતભક્તો પેદા થયા. કુંભાર, મોચી, દરજી, હજામ, રબારી વગેરે કોમોમાંથી પણ ભક્ત, કવિ અને સંત પાક્યા. સંતોની આવી પાવક જ્વાળા હડધૂત ગણાતી હરિજન કોમ સુધી પણ પહોંચી. અને આવી પાવક જ્વાળામાંથી ઉષ્મા મેળવી અનેક હરિજનો પણ પોતાના જીવનને વિકસાવવા લાગ્યા.

### પાવનકારી પંઢરપુર

ચોખામેળા નામનો એક વણકર આ મહાન સંતમાળાના એક મણકા જેવો હતો. એ ભક્ત તરીકે ઘણું ઊંચું માન પામ્યો હતો. ઉપર જણાવેલી દક્ષિણમાં પ્રસરેલી ધાર્મિક અસરની ભરતીનો સૌથી મોટો જુવાળ ભીમા નદીના એક કિનારા પર આવેલા અતિ પ્રાચીન મંદિરની સાથે અથડાયો. આ મંદિર તેરમા સૈકાની શરૂઆતમાં તો વિખ્યાતિમાં આવ્યું ન હતું, પરંતુ ત્યાર પછીના સૈકાઓમાં મહારાષ્ટ્રની જનતાની ભક્તિ અને એકનિષ્ઠાની ભાવના પર આ મંદિરે બહુ જ મોટો ભાગ ભજવ્યો છે. પંઢરપુરમાંની શ્રીવિઠોબાની ત્રિભંગ મૂર્તિનાં દર્શન કરવા અને એની ભક્તિ કરવી, તે પ્રત્યેક મહારાષ્ટ્રીયને- પછી તે સંત હો કે સામાન્ય જન હો-જીવનનો એક અણમૂલો પ્રસંગ લાગતો અને લાગે છે. જનસમાજના હૃદયમાં એકનિષ્ઠા, શ્રદ્ધા અને

ભક્તિની શ્રેષ્ઠ ભાવના અને લાગણીઓ પંઢરપુરના આ વિઠોબાએ જગવેલી છે. એની એવી કંઈક કંઈક કથાઓ સમાજમાં પ્રચલિત છે.

**એક અપંગની ભક્તિભાવના**

પૈઠણમાં એક લૂલો માણસ હતો. તેને વિઠોબા પર અત્યંત પ્રેમ અને ભક્તિ હતાં. તેના મનમાં વિઠોબાનાં દર્શન કરવાની પ્રબળ વૃત્તિ જાગી. તેણે આખો રસ્તો ઘસડાતાં ઘસડાતાં, ધીમે ધીમે ચાલી, અનેક કષ્ટો વેઠીને જે રીતે પસાર કર્યો, તે જોતાં ખરેખર આપણે આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ છીએ. આ મંદિર બહુ કલાત્મક કે ભવ્ય નથી, તોપણ એના એકેએક પથ્થરમાં અને પ્રત્યેક રજકણમાં ઘણા મહારાષ્ટ્રીય સંતભક્તોની ભક્તિ, એકનિષ્ઠાની ભાવના અને લાગણીઓ ઓતપ્રોત થયેલી છે.

**સંત દંપતીને પુત્રપ્રસાદી**

ચોખામેળા વિઠોબાના આવા પરમ ભક્તોમાંનો એક હતો. તેના બાપનું નામ સુદામા હતું, માનું નામ મુક્તાબાઈ હતું. તે બન્ને પંઢરપુર પાસેના અનગોડ ગામમાં રહેતાં હતાં. ગામના પસાયતાની અર્ધી જમીન તો એમની હતી અને બીજી રીતે પણ તેઓ સંસારમાં એમના દરજ્જામાં સુખી હતાં. છતાં એમને કંઈ પણ સંતાન ન હોવાથી એમને દિલગીરી રહ્યા કરતી. સુદામા વારંવાર પંઢરપુર યાત્રા કરવા જતા. એકવાર તેમની ગેરહાજરીમાં કોઈ ઢેડની જમીનમાંથી ૨૦૦ કેરી લઈ બેદારના મુસલમાન સૂબાને રાજ્યભાગ તરીકે આપવા મુક્તાબાઈ જતાં હતાં. થોડેક આઘે જતાં રસ્તામાં એમને એક અતિશય ભૂખ્યો બ્રાહ્મણ મળ્યો. એણે મુક્તાબાઈ પાસે કેરીઓ માગી. ભૂખ્યો જાણીને મુક્તાબાઈએ તેને પાંચ કરીઓ આપી. બ્રાહ્મણ તે ખાઈ ગયો. તેને આશીર્વાદ આપ્યા કે 'તેં મને પાંચ કેરી આપી, માટે તને પાંચ સંતાન થશે. સૌથી મોટા છોકરાનું નામ તું 'ચોખા' પાડજે, કારણ કે તારી કેરી મેં ચાખી છે. 'ચોખા' અને 'ચોખાબા' એ બે શબ્દ વચ્ચે અર્થસંબંધ રહેલો છે. એ ભાષામાં (મરાઠી ભાષામાં) 'ચાખવું' એ માટેનો શબ્દ 'ચોખા' એ શબ્દની સાથે અર્થસંબંધ ધરાવે છે. આ શબ્દ બોલીને તે ક્યાંયે અદશ્ય થઈ ગયો.

**બાળક ચોખાની સેવા**

ત્યાર બાદ મુક્તાબાઈને એક છોકરો થયો. એનું નામ એમણે 'ચોખામેળા' કે 'ચોખા' પાડ્યું. 'ચોખા'નાં માબાપ અતિશય પવિત્ર જીવન ગાળતાં હતાં. એની અસર કુદરતી રીતે જ એના પર ખૂબ થઈ. છેક નાનપણથી જ તે પ્રભુનું નામસ્મરણ કર્યા કરતો. પોતાના વાસને વાળીઝૂડી સાફ રાખતો. પોતાની કોમમાં ગંદા અને મેલા રહેતા હોય તેવા સાથીઓને એકઠા કરી તેમને નાહવા લઈ જતો. તેમનાં ફાટેલાંતૂટેલાં અને મેલાં કપડાં અને શરીર સાફ રખાવતો. થોડા જ વખતમાં આખા વાસનો ચોખામેળા પ્રાણ થઈ પડ્યો. ઉચ્ચ ગણાતી કોમના હાથે પોતાના ભાઈભાંડુઓનું અપમાન થતું જોઈ, તેના હૃદયના તારેતાર હલમલી ઊઠતા અને તેથી તે વધારે શુદ્ધ અને સાત્ત્વિક થવા મથતો. પોતાની કોમનાં બાળકોમાંથી પણ અનેક દુર્ગુણોનો નાશ કરવા તેમને તે સદુપદેશની વાર્તાઓ કહેતો, ભજન ગવડાવતો, રાસ રમાડતો. કેટલીક વાર સમાજનો અન્યાય અને જુલમ તે પોતાની કોમ પર ગુજરતો જોતો ત્યારે સાવ અસહાય બની જઈ પ્રભુને દીનભાવે પ્રાર્થના કરતો.

## પડ્યા ઉપર પાટુ

જન્મથી જ વવાયેલા એના હૃદયમાંના ભક્તિના સંસ્કાર હવે તો ધીમે ધીમે અંકુરિત થવા લાગ્યા. ગામમાંથી મરેલાં ઢોરને ખેંચી લાવવાં, ખેતી કરવી, સરકારની અને ગામની વેઠ કરવી-એ એની કોમનાં કામ ગણાતાં. એક વખત એવું બન્યું કે વાસમાંથી કંઈ કામ પ્રસંગે ઘણાખરા લોકો પરગામ ગયેલા. તે સમયે ગામમાં એક મરી ગયેલું ઢોર આપણા ચોખામેળાને જ ઉપાડવા જવાનું બન્યું. પોતાના એકલાને માટે આ કામ બની શકે તેવું ન હતું. ટોળે મળેલા લોકમાંથી કોઈકે કહ્યું, 'ખાઈખાઈને ફાલ્યો છે તો મોટો તગડા જેવો. મોટા પાડા જેવું તો શરીર છે, અને પછી ખેંચાતું કેમ નથી ? તમારી જાત જ ખાસડાંને લાયક છે. તે વિના તમે પાંસરા થાઓ જ નહિ.'

આ શબ્દો સાંભળીને ચોખામેળાના હૃદયને સખત આઘાત લાગ્યો. તે એક શબ્દ બોલી શક્યો નહિ. ભરેલે હૈયે નમ્ર ભાવ પ્રગટાવી તેણે પ્રભુને પ્રાર્થના કરી, 'હે કૃપાસિંધુ ! કરુણાળુ ! દયાસાગર ! પતિતપાવન ! પતિતોદ્ધારક ! શરણાગતવત્સલ ! હે પ્રભુ ! મેં શાંયે પાપ કર્યાં હશે કે મારે આવી અપમાનિત જિંદગી ગાળવી પડે છે ! આ લોકો કેમ દેખતા નહિ હોય કે આ કામ મારા જેવા એકલાથી બની શકે એમ નથી ! શું તેમને બુદ્ધિ નહિ હોય ? તેમને હૃદય નહિ હોય ? શું તેમને લાગણી નહિ હોય ?'

અનેક પ્રાર્થનાઓ તેણે ભગવાનને કરી. શ્રીપ્રભુનું પ્રાર્થનાભાવે સ્મરણ કરી ફરીથી તેણે ઢોર ખેંચવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ તેમાં તે ફાવ્યો નહિ.

## કૂણી લાગણી પર નિર્દય ગાળો

ટોળાંમાંથી કોઈક કહ્યું, 'સા...લા ! તારા બીજા બધા લોકો ક્યાં મરી ગયા છે ? તમારાં બૈરાં, છોકરાં, બધાંને બોલાવી લાવો અને અહીંથી ઢોર ખેંચી જાઓ. જોતો નથી કે આ ફળિયામાં ગંધ ગંધ ફેલાઈ રહેલી છે !' ચોખામેળાના દિલમાં લાગણીનો જે દરિયો ઊછળી રહેલો હતો, તે જાણવાની કે સમજવાની કોઈને પડી જ ન હતી. એમને તો એટલું જ જોઈતું હતું કે ગમે તે રીતે અને ગમે તે ભોગે એ ઢોર ત્યાંથી દૂર થવું જ જોઈએ.

## પ્રભુકૃપાનો ચમત્કાર

ચોખામેળાથી આ અપમાન સહન થઈ શક્યું નહિ. એણે પ્રભુને પ્રાર્થના કરી. પોતાના બધાય બળનો ઉપયોગ કરી, આંખો મીંચી, ફરી પ્રયત્ન કરવા માંડ્યો. કોઈ ચમત્કારિક દૈવી બળનો જુસ્સો તેનામાં પ્રગટ્યો. તેની આંખ અને તેનું મોં રાતાંચોળ બની ગયાં. શરીરની નસો ઊપસી, તરી આવી. આખરે તે મરેલા ઢોરને બહાર ખેંચીને લઈ ગયો. આ બનાવથી આખા ગામના લોકો ખરેખર નવાઈ પામ્યા. તેમના દિલમાં ચોખામેળા માટે માનની લાગણી ઉત્પન્ન થઈ, કારણ કે તે મરેલા ઢોરને એકલા ઊંચકીને લઈ જવું એ મનુષ્યશક્તિના ગજા ઉપરાંતનું કામ હતું. એ તો દરેક જણને સ્પષ્ટ લાગ્યું હતું. તેથી, ગામલોકને નિશ્ચયથી લાગ્યું કે જરૂર ચોખામેળાને કોઈક દૈવી બળે મદદ કરેલી લાગે છે.

## ઉત્કટ, ઉન્મત્ત ભક્તિ

ચોખામેળા હવે તો ખૂબ એકાગ્રતા અને એકનિષ્ઠાથી જ્ઞાનભક્તિપૂર્વક પોતાની સાધના

કરવા લાગ્યો. સાધુસંતો પાસે જઈ પોતાની મુશ્કેલીઓનું તે નિરાકરણ કરી લેતો, ભજન-મંડળીઓમાં ભળતો અને જ્યારે તે ભજન કરતો ત્યારે ખૂબ ભાવાવેશમાં આવી જતો. કેટલીક વાર તો તે હૈયાફાટ રડતો.

આવું કરીને શ્રીભગવાનને વારંવાર તે પોકારતો, ખાવાપીવાનું પણ તેને ગમતું નહિ. કેટલીક વાર આખા ગામમાં તે નાચતો, કૂદતો અને ફર્યા કરતો. ગામને પાદરે ફરતાં ફરતાં આવતા સાધુસંતોનાં ઝુંડમાં તે જતો અને જિજ્ઞાસુભાવે ચર્ચા કરતો.

**અંતે તો સંત તરશે જ**

પહેલાં તો ગામના લોકોએ તેની ખૂબ અવગણના કરેલી, તિરસ્કાર કરેલો, અપમાન કરેલું અને કોઈ વાર મારેલો પણ ખરો, પરંતુ હવે એની સાત્ત્વિક બુદ્ધિ, પ્રભુ પ્રત્યેની તેની એકનિષ્ઠા અને એની દૃઢ ભક્તિ જોઈને લોકોનું એની પ્રત્યેનું વલણ બદલાયું.

**વિઠોબાને દ્વારે પ્રાર્થના**

એ ઘણી વાર પઢંરપુર જતો ત્યારે બહારના દરવાજે ઊભો રહીને પ્રભુની નમ્રભાવે પ્રાર્થના કરતો.

**હૃદયની ભાવનાની અસર**

આ પ્રાર્થના કરતાં કરતાં અસ્ખલિત આંસુનો પ્રવાહ વહેતો. પોતાની પાસે બોલાવી લેવાને હૃદયથી તે વારંવાર પ્રભુને વિનંતી કરતો. લોકો તેની ભક્તિનો વેગ જોઈ તેના પર ભાવ રાખતા અને ઘણા તો તેની સાથે ઊઠતા બેસતા પણ થયા ખરા. કેટલાક 'ઉચ્ચ વર્ણના' એના શિષ્ય પણ થયેલા હતા. ઈશ્વર એને પ્રત્યક્ષ છે એવી એક ઉચ્ચ વર્ણની કુમારિકાને દિલમાં દૃઢ પ્રતીતિ થઈ જવાથી, તે જઈને ચોખામેળાને પગે પડી અને પોતાને તેની પત્ની તરીકે સ્વીકારવાને કાલાવાલા કરવા લાગી. આથી, તુરત ચોખામેળાએ પોતાનું વતન ત્યજ્યું.

**દર્શનની ઉત્કટ ઝંખના**

પ્રભુની નજીકમાં નજીક રહેવાય એટલા ખાતર તે પંઢરપુર રહેવા ગયો. પોતે મહાર હોવાથી મંદિરમાં પ્રવેશ કરવો તે તેના સારુ તે જમાનામાં શક્ય ન હતું. તેમ છતાં તે દરવાજેથી પ્રભુની પ્રાર્થના કર્યા જ કરતો હતો. કોઈક વાર હૃદયના ઉન્મત્ત ભાવથી નાચી ઊઠતો, તો કોઈક વાર રડતો, તો કોઈક વાર ગાંડાની માફક બકવાટ પણ કર્યા કરતો. પોતાને પ્રભુની પવિત્ર મૂર્તિનાં દર્શન થઈ શકતાં નથી, તેથી કોઈ પણ રીતે તે મેળવવા એમ વિચારી તેણે કેટલુંક સેવાનું કામ ઉપાડી લીધું. મંદિરના બધા રસ્તા તે પોતે વાળતો, કચરોપૂંજો દૂર નાખી આવતો. મંદિરની આસપાસની બધી જ જગ્યા તે અત્યંત સાફ રાખતો. પ્રત્યેક પળ તે પ્રભુના ધ્યાનમાં તલ્લીન રહ્યા કરતો. આમ, પ્રાર્થનામાં અને ભક્તિના ભાવમાં અને પ્રભુપ્રીત્યર્થનાં સતત એકધારાં કર્મમાં તે પોતાના દિવસ વ્યતીત કરતો હતો.

**લોકોની હેરાનગતિ**

પણ એક નીચ મહાર આવો પરમ પ્રભુભક્ત બને કે હોય એવો વિચાર પણ તે સમયના બ્રાહ્મણ, વિદ્વાન પંડિત અને વૈષ્ણવ સમુદાયને સહ્ય ન લાગ્યો. તેઓ ચોખામેળાની ખૂબ હાડછેડ કરતા. તેઓ એને પજવતા. તો તે જ્યારે બહારના દરવાજે ઊભો રહીને એકભાવે એકાગ્રપણે

તલ્લીન હોય ત્યારે તેના તરફ કાંકરા નાંખવાનું પણ ચૂકતા નહિ. એ સમયે ચોખામેળા શ્રીવિઠોબાની ગદ્ગદ કંઠે પ્રાર્થના કરતો.

**કાગડાની કોટે હીરો ન શોભે**

કંઈક હૃદયના ઊંડા ભાવથી તે પ્રાર્થના કરતો હતો ત્યારે એક બ્રાહ્મણે તિરસ્કારથી કહ્યું, 'તારી ભક્તિ-સાધનાનો કશો અર્થ નથી. તું દિવસ અને રાત પ્રભુનું ભજન કર્યા કરે છે, પણ પ્રભુની પવિત્ર મૂર્તિનાં દર્શન કરવા માટે તું તદ્દન અયોગ્ય છે. કાગડાની કોટે તે વળી હીરો શોભે ? તું તો પતિત અને અસ્પૃશ્ય છે. તમને આવો અધિકાર કોણે આપ્યો ?' આવી રીતે ચોખામેળાને ઘણા લોકો મહેણાં મારતા.

જ્યારે ચોખામેળાથી સહન ન થતું ત્યારે ભાવથી પ્રણામ કરીને જવાબ વાળતો, 'સૂર્યમુખી કમળ સૂર્યથી કરોડો ગાઉ દૂર છે, તોપણ સૂર્ય પોતાનાં કિરણો એના પર ફેંકી પોતાની મમતા દર્શાવે છે. સૂર્ય પોતાનો પ્રકાશ આપવામાં નથી જોતો પારસમણિ કે નથી જોતો એક ઠીકરી. એને મન આ દુનિયાના ભેદભાવ નથી. તેવી રીતે પરમ કૃપાળુ પ્રભુ, મારી સંભાળ રાખશે અને જરૂર મારી પ્રાર્થના સાંભળશે. તમે મને ગમે તેવો નીચ ગણો છતાં જો મન પ્રભુમય હશે, તો હું પ્રભુના મંદિરની અંદર જ છું, અને ગમે તેવો ઉચ્ચ વર્ણનો માનવી ભલેને શ્રીમંત હોય, પણ જો તેનું મન જગતના પ્રપંચોમાં રમ્યા કરતું હશે, તો તે પ્રભુના મંદિરની અંદર હોવા છતાં પણ સાચી રીતે પ્રભુના મંદિરથી કરડો ગાઉ દૂર છે.'

**ભગવાને હાથ ઝાલ્યો**

એક રાતે એવું બન્યું કે જાણે વિઠોબા પોતે એની ઝૂંપડીએ આવ્યા અને મંદિરના ગર્ભદ્વારમાં લઈ ગયા. ચોખામેળાનો હાથ પોતાના હાથમાં લઈને વિઠોબાએ કહ્યું , 'તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તું કોઈ વાતે ઉદ્વેગ પામતો નહિ.' એટલામાં મંદિરનો એક પૂજારી બહાર સૂતો હતો, તે જાગી ઊઠ્યો. તેણે ચોખામેળાને મૂર્તિ પાસે બેઠેલો જોઈ, બીજા પૂજારીઓને બૂમ પાડી, 'અરે ! દોડો, દોડો ! આ ચોખામેળા તો શ્રીવિઠોબાની મૂર્તિ પાસે જઈને બેઠો છે ! એ લુચ્ચો, બદમાસ મહાર દરવાજે તાળાં દીધેલાં હોવા છતાં ગમે તેવી રીતે લુચ્ચાઈથી મંદિરમાં દાખલ થઈ ગયો છે. પ્રભુમંદિરને તેણે અપવિત્ર કર્યું છે. અરેરે ! તે દુષ્ટે ધર્મનો નાશ કર્યો. પવિત્ર બ્રાહ્મણોને એણે અભડાવ્યા.' બ્રાહ્મણો તો ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ ગયા. તેમણે ચોખામેળાને પકડ્યો અને દરવાજા બહાર ફેંકી દીધો અને કહ્યું, 'જા ! અહીંથી ભાગી જા.' ચોખામેળાએ ધીમેથી હસીને કહ્યું, 'અરે, મહાપુરુષો, તમે નકામા શા માટે ધાંધલ કરો છો ? ધર્મ તે એમ કોઈનાથી નાશ કર્યે શું નાશ પામતો હશે કે ? એક મહારે ગંગાજીમાં સ્નાન કર્યું તો શું ગંગાજી અપવિત્ર થઈ જશે કે ? એક હરિજનના શ્વાસથી સ્પર્શ થયેલો, ફૂંકાતો પવન શું આખા ગામને અપવિત્ર કરી શકે ખરો કે ? પ્રભુને મન ઊંચ કે નીચ, ભણેલા કે અભણ, સારા કે ખોટા, એવા કશાય ભેદ નથી. જોકે તમારી નજરે હું નીચ છું, તોપણ મેં પરમ પ્રભુનો કંઈ પણ ગુનો કર્યો નથી. તેથી, તેની નજરે નીચ નથી. આપ જેવા પવિત્ર વિદ્વાન પુરુષોને આવી અશ્લીલ ભાષા બોલવી છાજતી નથી.'

મંદિરનો પૂજારી ક્રોધથી રાતીચોળ આંખ કરી બરાડી ઊઠ્યો, 'અરે મૂર્ખ ! ચૂપ કર. શું

એક મહાર બ્રાહ્મણોને ઉપદેશ આપશે ? નીચામાં નીચી જાતનો એક તુચ્છ અપવિત્ર મનુષ્ય શું તું બ્રાહ્મણોને સમજાવવા બેઠો છે ? અરે, જા લુચ્ચા ! શું અમે તારું બધું સાંભળ્યા કરીશું ?'

**પૂજારીઓની ફરિયાદ**

બધા પૂજારી એકત્ર થઈને ગામના પંડિતો સાથે ગામના મુસ્લિમ સૂબા પાસે ગયા અને 'ચોખામેળાએ મંદિર અભડાવ્યું' તેવી ફરિયાદ કરી. સૂબાએ તેને બોલાવી મંગાવ્યો અને પૂછ્યું, 'તું તો એક નીચ જાતનો છે. મંદિરમાં તેં પ્રવેશ જ કેમ કર્યો ?' ચોખામેળાએ જવાબ આપ્યો, 'વિઠોબા જાતે જ મને અંદર લઈ ગયા હતા. તેમાં હું શું કરું ? હું તો એક અતિપામર, તુચ્છ જીવ છું, એવું વારંવાર મેં શ્રીપ્રભુને કહ્યા કરેલું છે. પ્રભુને દર્શન દેવા કાજે મેં મારી જિંદગી, મારું સર્વસ્વ એનાં ચરણકમળમાં ક્યારનુંયે સમર્પણ કરી દીધું છે. એને દર્શન દેવા કાજે એની સતત પ્રાર્થના હૃદયમાં હૃદયથી મેં કર્યા કરેલી છે. રાત્રિની રાત્રિઓ રડી રડીને તે કાજે વિતાવેલી છે અને હવે જ્યારે પરમ કૃપાળુ પ્રભુએ મારા જેવા એક પામર ઉપર કૃપા કરી છે ત્યારે તમે લોકો 'મેં મંદિર અપવિત્ર કર્યું છે.' એવો આરોપ મૂકો છો ! તો હવે નમ્રતાપૂર્વક આપને વિનંતી કરું છું કે આપને યોગ્ય લાગે તેમ કરશો.'

**નિર્દય સજા**

પરંતુ તે મુસ્લિમ સૂબાએ તેનું કંઈ જ સાંભળ્યું નહિ. તેને એક વળી સાથે બંધાવ્યો અને મહોલ્લાઓમાંથી ઘસડાવ્યો અને આખરે બહાર ફેંકી દેવડાવ્યો. આ બધું જ દુઃખ ચોખામેળાએ કંઈ પણ રાગદ્વેષ વિના અત્યંત પ્રેમપૂર્વક સહન કર્યું. આવી રીતે તેને સજા કરીને પંઢરપુર બહાર ધકેલી દીધો. પંઢરપુરમાં પ્રવેશ કરવાની તેને મના કરવામાં આવી. એવી રીતે તેને ભીમા નદીની પેલે પાર રહેવાની ફરજ પાડવામાં આવી.

**હૃદયની ભક્તિ અને ઉદારતા**

આમ, અપમાનિત અને તિરસ્કૃત થયેલા ચોખામેળા હવે શ્રીવિઠોબાના મંદિર પાસે જઈ શકતા ન હતા. છતાં તેના મનોમંદિરમાંથી એક ક્ષણ પણ શ્રીવિઠોબા ખસ્યા ન હતા. હંમેશાં તે પોતાનો બધો સમય આત્મચિંતવનમાં જ ગાળતા. લોકોએ આટઆટલા તેમને હેરાન કરેલા હોવા છતાં લોકો પરત્વે તેમના દિલમાં જરા પણ રોષ ન હતો. બધું પોતે પ્રેમપૂર્વક સહન કરી લેતા.

**વિઠોબા જાતે પધાર્યા**

**ભીમા નદીના કિનારા પર તેમણે એક દીપમાળા બંધાવી. આજે પણ તે હયાત છે.** એક દિવસ તે લિંબોળીના (લીમડાના) ઝાડ નીચે જમતા હતા ત્યારે સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલા શ્રીવિઠોબા પોતે તેની પાસે પધાર્યા. તેની સાથે પ્રેમથી ભોજન કરવા લાગ્યા. ચોખામેળાની પત્ની દહીં લાવી હતી, તે તેણે પ્રભુને પીરસ્યું. પીરસતી વખતે શ્રીવિઠોબાના પીતાંબર ઉપર કેટલાક છાંટા પડ્યા. આથી, ચોખામેળાએ પોતાની પત્નીને ધમકાવીને કહ્યું, 'જ્યારે શ્રીપ્રભુ પોતે કૃપા કરી આપણી સાથે જમવા પધાર્યા છે, ત્યારે તું કેવી બેકાળજી રાખે છે ?'

**બ્રાહ્મણ પૂજારીનો ક્રોધ**

બરાબર આ જ સમયે એક બ્રાહ્મણ પૂજારી તે રસ્તે થઈને જતો હતો, તેણે આ શબ્દો સાંભળ્યા. તેને આથી ઘણો ક્રોધ ચઢ્યો અને આ દુષ્ટ મહાર પ્રભુની નિંદા કરી રહ્યો છે, એમ જાણી તે એકદમ એના પર ધસી આવ્યો.

ચોખામેળા અટકાવી શકે તે પહેલાં તો તેણે શ્રીવિઠોબાને જોરથી એક મુક્કો લગાવી દીધો. ત્યાર પછીથી તે પાસેની નદીમાં જઈને નાહ્યો અને શ્રીવિઠોબાના મંદિરમાં દર્શન કરવાને ગયો, પરંતુ જેવો તે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો કે તુરત તેની નજર પ્રભુના સુંદર રેશમી પીતાંબર પર પડી. ત્યાં દહીંના ડાઘા પડેલા દીઠા. શ્રીવિઠોબાનો એક ગાલ ફૂલી ગયો હતો. આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી.

**પશ્ચાત્તાપ**

પેલા બ્રાહ્મણે આ જોયું અને જાણ્યું. તેના હૃદયમાં ભાવનો સંચાર થયો. હવે તેને સમજાયું કે તેણે જે સાધુને માર્યા હતા એ તો સાક્ષાત્ શ્રીવિઠોબા જ હતા. 'અરેરે ! મેં મૂર્ખે મારી જાતનું સત્યાનાશ વાળ્યું ! મોતી પર જેમ હથોડો પડે, તેમ હું તેમના પર તૂટી પડ્યો હતો. અરેરે, પ્રભુ ! મારા જાતીય અભિમાને મને ભુલાવ્યો. મેં મારો સર્વનાશ જાતે જ નોતર્યો છે. પ્રભુ ! દયા કરો, કૃપા કરો.'

**શ્રીવિઠોબાની પ્રસન્નતા**

પોતાનું અભિમાન ગળી ગયું. નમ્રમાં નમ્ર બની પોતાની જાતને તે ધિક્કારવા લાગ્યો. ઉત્કટમાં ઉત્કટ પશ્ચાત્તાપની લાગણીમાં ડૂબેલો તેવો તે બ્રાહ્મણ ભીમા નદીની પેલે પાર ગયો, અને તે સાધુ પુરુષની માફી માગી. અત્યંત કાલાવાલા કરવા લાગ્યો અને તે સાધુ પુરુષને મંદિરમાં તેડી લાવ્યો. મંદિરમાં આવીને જ્યાં જુએ છે તો અતિઆશ્ચર્ય સાથે તેને જણાયું કે ઇજા પામેલો ગાલ હવે તો સાજો થઈ ગયેલો છે. આ સાધુ પુરુષને જોતાં જ શ્રીવિઠોબા પોતે  જ આનંદ પામ્યા હોય તેવું સ્મિત તેમના મોં પર ફરક્યું.

**હાડકાંમાંથી બોલતું નામસ્મરણ**

ચોખામેળાનું મૃત્યુ બહુ કરુણાજનક છે. બેદારના મુસલમાન સૂબાએ પોતાના પ્રાંતના બધા મહારોને હુકમ કર્યો કે મંગળવેઢા ગામને ફરતો કોટ તેમણે બાંધી આપવો. ચોખામેળાને પણ બીજાં બધાંની સાથે જવું પડ્યું. કામ પૂરું થવા આવ્યું તેવામાં એકબાજુની અધૂરી રહેલી દીવાલ તૂટી પડી. કેટલાયે મહારો દબાઈ ગયા. એમાં આપણા સંત શિરોમણિ શ્રીચોખામેળા પણ હતા. ઘણાં વર્ષો સુધી એ પડેલી દીવાલની નીચે એમનાં હાડકાં દટાયેલાં રહ્યાં, પરંતુ તેમના મૃત્યુ પછી પરમ સંતશિરોમણિ તરીકેની તેમની કીર્તિ ખૂબ વધી. શ્રીનામદેવ નામના દરજી સંતને પ્રભુની પ્રેરણા મળી કે તેણે ચોખામેળાનાં અસ્થિ પંઢરપુર લાવવાં. શ્રીનામદેવ પંઢરપુર ગયા, પરંતુ ચોખામેળાનાં અસ્થિ બધાંની સાથે ભેળસેળ થઈ ગયેલાં હતાં. એકલાં તેમનાં હાડકાં નોખાં તારવી કાઢવાં એ તો મુશ્કેલ કામ હતું. આખરે શ્રીનામદેવે જમીન સાથે કાન માંડીને સાંભળ્યું તો, એમ કહેવાય છે કે, એક જગ્યાએથી તેમણે 'વિઠોબા, વિઠોબા' એવું નામસ્મરણ થતું સાંભળ્યું. તેથી, એમણે જાણ્યું કે ત્યાં પડેલાં તેવાં અસ્થિ ચોખામેળાનાં જ હોવાં જોઈએ. હૃદયની અત્યંત આદરભક્તિથી એ અસ્થિ તેમણે ભેગાં કર્યાં. એમણે એને પઢંરપુર આણ્યાં. ત્યાં એને જમીનમાં દાટી એના પર ખાંભી બનાવડાવી. આજે પણ તે જગા ત્યાં જણાય છે. ત્યાં આગળ આજે પણ હરિજનો ઊભા રહી શ્રીવિઠોબાનાં દર્શન અને પૂજા કરે છે. (જોકે હવે તો તે શ્રીવિઠોબાનું મંદિર દરેક હરિજનને દર્શન કરવાને કાજે ખુલ્લું મુકાયેલું છે.)

'હરિજન સંતો', ચો.આ. પૃષ્ઠ ૨૧ ❑

## (૨) કોઈએ કદર કરી ન હતી

**શ્રીમોટા**

નડિયાદના મારા ૬-૭ વર્ષના સાધનાકાળ દરમિયાન જ્યાં જતો ત્યાં ભજન ગાયા કરતો, ફર્યા કરતો અને જ્ઞાતિના રીતરિવાજને સુધારાની દૃષ્ટિએ નહિ પરંતુ તે પાળવાનું યોગ્ય ન લાગતાં, તેવા નિમિત્ત પ્રસંગે તેમ વર્તવાનું થતું. આમ, સમાજની રીતે કંઈ પણ ન થતાં તે લોક મારે માટે ઘણું ઘણું બોલતા.

પોતાના કુટુંબીજન સાથે, પોતાના જ ગામમાં, સગાંવહાલાંની વચ્ચે રહીને હરિજન સેવક સંઘમાં કામ કરનાર એવો એકલો આ સેવક હતો. બીજા બધા પરીક્ષિતભાઈ, હરિવદનભાઈ, તમે (હેમંતકુમાર નીલકંઠ) વગેરે તો એકલા એકલા હતા. તેઓ પરણેલાં ન હતા કે એવી બીજી કોઈ કૌટુંબિક જવાબદારી ન હતી. મને તો પ્રભુકૃપાથી કૌટુંબિક જવાબદારી પણ હતી. વળી, પોતાના જ ગામમાં અને સગાંવહાલાં વચ્ચે રહેવાથી અને હરિજનોનું કામ કરતો હોવાથી મુશ્કેલીઓ પણ ઠીકઠીક પડતી, પરંતુ આ પરત્વે કોઈનું પણ યોગ્ય લક્ષ દોરવાયું ન હતું.

વળી, બીજા બધા જે વેતન લેતા, એટલું જ વેતન હું પણ લેતો હતો. આજે હું પ્રેમથી ને તટસ્થતાથી કહી શકું છું કે તેમાં મારો ત્યાગ વિશેષ હતો. બીજાઓ જે વેતન લેતા તેમાં તેમને કૌટુંબિક જવાબદારી ન હતી જે મારે હતી. તેથી, એટલા વેતનમાં ઘણી કઠણાઈ ભોગવવી પડતી. મહામુશ્કેલીએ જેમ તેમ કરીને ચાલતું, પણ કદી તે માટેનો એક હરફ પણ કોઈની આગળ કાઢ્યો નથી. તે કાજે સહાનુભૂતિના કોઈએ બે બોલ પણ કહ્યા નથી. 'આપણા કરતાં ચૂનીભાઈની જવાબદારી વિશેષ છે' તેની યોગ્ય સમજ પણ કોઈને પ્રગટેલી ન હતી. વેતનધોરણ તો સ્વૈચ્છિક હતું. એટલે તો જ્ઞાનપૂર્વક સમજીબૂઝીને એવી પરિસ્થિતિ પ્રભુકૃપાથી સ્વીકારેલી હતી. તેમાં તપ પણ હતું ને ત્યાગ પણ હતો. અને પ્રભુકૃપાથી એવી સમજણથી જીવનનો વિકાસ થવામાં ઘણી પ્રેરણા મળેલી. આપણને મળેલું કર્મ આપણા પોતાના જીવનવિકાસ માટે છે, પછી ભલે એની કદર કોઈ કરે કે ન કરે.

આ બધી હકીકતને આજે હું ઘણાં વર્ષે તટસ્થભાવે જણાવું છું, કારણ કે તમને (હેમંતકુમાર નીલકંઠને) પણ મિત્ર હોવા છતાં એવું એનું કદરતાપૂર્વકનું યોગ્ય ભાન પ્રગટ્યું ન હતું. એટલે પછી મારી જ્ઞાતિના (ભાવસાર જ્ઞાતિ) લોકોનો દોષ હું કેવી રીતે કાઢી શકું ? મારે માટે તે લોક કંઈક કંઈક બોલતા. તે વેળાએ તે હકીકત પરત્વેનું શ્રીનરસિંહ મહેતાએ ગાયેલા તે ભાવનાના ગીતના ઢાળનું કંઈક ગાઈને શાંતિ મેળવતો. એવું એક ગીત નીચે આપ્યું છે :

***મારગડે હું આડે ચાલું, મહેણાં લોકો મારે જી,***<br>
***સીધે મારગ ચાલતાં મુજને, લોકો આડો કહે છે,***<br>
***મારે શું કરવું જી !***<br>
***કહે તેને તો કહેવા દેજો, મારે તેનું શું કામજી ?***<br>
***જેનું મન જે સાથે બંધાણું, તેની સાથે છે કામ,***<br>
***ડરવું શાને જી ?***

**(અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)**

# (૩) હિમાલયમાં દિવ્યાનંદ : (૭)

શ્રીદાસાનુદાસ

*(ગતાંકથી આગળ)*

જીવ માત્ર સાધક છે. ઈશ્વર સાધ્ય છે અને શરીર એ સાધન છે. જીવનના બધા જ પ્રસંગો સાધનરૂપ જ છે અને તેમાંથી જીવાત્માએ સહજભાવે પસાર થવાનું હોય છે.

જ્યાં કર્તાપણું હોય છે ત્યાં ભોક્તાપણું હોય છે અને લાગણી પણ હોય છે. લાગણીના બે ભાગ છે (૧) હર્ષ અને (૨) શૉક.

આનંદ એ મૂળ તત્ત્વ છે, ઈશ્વરી તત્ત્વ છે અને બધાં જ તત્ત્વોનો સ્વામી છે, અને તે હર્ષશૉકથી પર છે, રાગદ્વેષથી પર છે, ગુણ-અવગુણથી પર છે. આનંદને રૂપ નથી, ગુણ નથી, ક્રિયા નથી, લાગણી નથી અને કેવળ પરમશાંતિ છે.

શ્વાસ એ આપણો જીવનદોર છે. કુદરતના નિયમ મુજબ દરેક સામાન્ય માનવને એક કલાકમાં ૯૦૦ (નવસો) શ્વાસ આવ-જાવ કરતા હોય છે. રોગી માનવને એથી વધુ અને યોગી માનવને એથી ઓછા શ્વાસે ચાલતા હોય છે.

આપણે સાધક તરીકે જ્યારે શ્વાસનો અભ્યાસ કરીએ છીએ ત્યારે ધીરે ધીરે શ્વાસની સંખ્યા ૯૦૦ થી ઘટીને ૬૦૦ થાય છે. કેમ કે સ્થિર આસને ટટ્ટાર બેસવાથી શ્વાસની ગતિ દીર્ઘ બનતી હોય છે, પરંતુ જ્યારે શ્વાસની ગણતરી કરીએ છીએ ત્યારે આપણાં મનબુદ્ધિ સ્થિર બનતાં જાય છે અને દૃષ્ટિ અંતરમુખ બનતી જાય છે. એ વખતે ૬૦૦ મટીને ૪૦૦ થતા હોય છે, પરંતુ ધીરે ધીરે જ્યારે આપણું આસન આપણી દૃષ્ટિનું અંતરમુખપણું અને આપણા મનબુદ્ધિની સ્થિરતા - આ બધું વધુ ને વધુ મજબૂત થતું જાય છે ત્યારે ૪૦૦ મટીને ૨૦૦ની સંખ્યા બને છે. જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તેમ છેવટે એક કલાકે ૬૦ શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય છે.

પ્રથમ તો ૧૫ મિનિટનો અભ્યાસ કરવો. પછી ૩૦ મિનિટ પછી એક કલાક અને છેવટે ૩ કલાક સ્થિર આસને બેસવાનો દૃઢ અભ્યાસ પાડવો જોઈએ. ત્રણ કલાક એક આસને બેસવાથી આપણું આસન સિદ્ધ થયું કહેવાય છે.

સાધકે આહાર અને વિહાર ઉપર બહુ જ ખ્યાલ રાખવાનો હોય છે. જેનો આહાર સાત્ત્વિક, ઓછો અને સાદો તેનો વિહાર પણ આપોઆપ સાત્ત્વિક બની શકે છે. ખપ જેટલું જ હરવું ફરવું, ખપ જેટલું જ જોવું, જાણવું અને ખપ જેટલું જ બોલવું સાંભળવું. ૐ

દરેક સાધકને સાધનાની શરૂઆતમાં અતિ તીવ્ર વૈરાગ્યનો ઉદય થવો જોઈએ અને તેણે કરીને જાતજાતનું ખાવુંપીવું, જાતજાતનું પહેરવું ઓઢવું, જાતજાતનું હરવુંફરવું - આ બધું બંધ થઈ જવું જોઈએ. એ રીતે જીવન જીવવાથી સાધકની સાધના વધુ ને વધુ ઉગ્ર બનતી જાય છે અને તેની ઈશ્વર તરફની ગતિ વેગવાન બનતી જાય છે. ૐ આનંદ આનંદ આનંદ.

દરેકમાં જ્ઞાન હોય છે જ, પરંતુ તેની આજુબાજુના અજ્ઞાનનું વત્તુંઓછું પ્રમાણ તે મૂળ જ્ઞાનને દાબી દે છે.

'આ બધું ઈશ્વરનું જ વિશાળ સ્વરૂપ છે. અનંત ઈશ્વરની સત્તાથી જ આ બધું હલન ચલન

**(અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)**

## (૪) કર્મયોગી મણિબા

કાર્તિકેય અ. ભટ્ટ

આજે આપણે એક એવા મહિલા સંતની વાત કરીશું કે જેમનું જીવન જ આપણને અધ્યાત્મ માર્ગનો ઉપદેશ આપે છે. આ મહિલા સંતનું નામ હતું મણિબહેન. ૧૨ જૂન, ૧૯૦૬માં અમદાવાદના નરોડા ગામે એક સમૃદ્ધ પાટીદાર કુટુંબમાં જન્મેલ મણિબહેન ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવીને ૩૦ માર્ચ, ૨૦૦૬ના રોજ ગૂડીપડવાના શુભ દિને બ્રહ્મલીન થયાં હતાં. તેમના સંપર્કમાં આવનાર સાધકો, ભક્તો, ચાહકો, મુલાકાતીઓમાં તેઓ મણિબાના નામથી ઓળખાયાં હતાં. તેમની મુલાકાતે આવનાર શ્રીમદ્ ભાગવતના પરમ વિદુષી ઈન્દિરા બેટીજીએ કહ્યું હતું કે --- જેને બધાં માન આપે તે મા. પ્રખર તત્ત્વચિંતક વિમલાબહેન ઠકારે તેમની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું, ‘પ્રેમસ્વરૂપ મણિબાએ યોગ અને ભક્તિનો અનુપમ સમન્વય સાધ્યો છે.’ તેમના સંપર્કમાં આવનારાં ઘણાં બધાં લોકોને મણિબાએ યોગાસનો અને પ્રાણાયામની પદ્ધતિસરની તાલીમ આપી અને સાથેસાથે ભક્તિમાર્ગમાં વાળ્યા હતા.

૧૮ વર્ષની વયે આવી પડેલા અણધાર્યા વૈધવ્યે મણિબહેનને ખૂબ જ સંતાપ, પરિતાપ આવ્યો. આ આઘાતમાંથી બહાર આવતાં તેમને થયું કે, ‘સ્વાધીન બનવું છે, સ્વતંત્ર રીતે જીવવું છે, પરંતુ જીવનિર્વાહ માટે બીજા પર આધાર રાખું તો મારી દૃષ્ટિ પ્રમાણે જીવન ન જીવી શકાય.’ શ્રીમંત ઘરની પુત્રી અને પુત્રવધૂ હોવા છતાં પોતાના પગ પર ઊભા રહેવાનો આત્મનિર્ભર બનવાના સંકલ્પ સાથે મુંબઈની ટ્રેનિંગ કૉલેજમાં વિદ્યાભ્યાસ કરીને અતિપવિત્ર એવા શિક્ષણના વ્યવસાયને મણિબહેને કર્મયોગ તરીકે અપનાવ્યો. **‘કર્મયોગ ચિત્તશુદ્ધિનું પ્રબળ સાધન છે.’** એવી શીખ આપનાર મણિબહેને ૬૦ વર્ષની વય સુધી ઇડર, ભાવનગર અને અમદાવાદમાં અધ્યાપન કાર્ય કર્યું.

૧૯૩૦માં મણિબહેન સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયાં. ખોરશેદબહેનની આગેવાની હેઠળ દારૂના પીકેટિંગમાં ભાગ લીધો. ત્રણ વખત જેલવાસ ભોગવ્યો. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, મૃદુલાબહેન સારાભાઈ, ગીજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, ઈન્દિરાબહેન ભાગવતે જેવાં સાથે તેમને કામ કરવાનો મોકો મળ્યો હતો. નોંધપાત્ર બાબત એ છે કે પોતે સ્વાતંત્ર્ય સેનાની હોવા છતાં ક્યારેય તેમાંથી અપાતા કોઈપણ પ્રકારના આર્થિક કે અન્ય લાભ તેમણે લીધાં ન હતાં.

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં મણિબહેને એક શાળા સ્થાપી. કાળજીપૂર્વક તેનું જતન કરી તેને ઉછેરી. મણિબહેનનું જીવન બે ધારે વહી રહ્યું હતું. એક બાજુ સેવા અને અધ્યાપન પ્રવૃત્તિ અને બીજી બાજુ જાતની ઓળખ માટેની નિયમબદ્ધ, શિસ્તબદ્ધ કઠોર સાધના. કહેવાયું છે કે પ્રાપ્ત કર્મ સાથેની સાધના એકાગ્રતામાં વધારો કરે છે. આ એકાગ્રતાનો ઉપયોગ કરીને માણસ ઝડપથી આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે છે. ૬૦ વર્ષ બાદ વધારે એકાગ્રતાથી ઉપાસના કરવા માટે પગભર કરેલી આ શાળા એક જાણીતા કેળવણીકારને એક પણ પાઈ લીધા વગર સોંપી દીધી.

દૈવી તથા આસુરી પ્રકૃતિનું બયાન કરતા ભગવદ્ ગીતાના ૧૬મા અધ્યાયમાં જે ગુણ તથા સમૃદ્ધિનું વર્ણન આવે છે, તેમાં સૌથી પ્રથમ અભય અને સૌથી છેલ્લું લક્ષણ નમ્રતા છે. પૂ. મોટાએ એમ કહ્યું છે કે પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થવું શક્ય નથી. થોડાં વર્ષો પર અમદાવાદ દૂરદર્શને, પત્રકાર બેલાબહેન ઠાકરે લીધેલી મણિબહેનની મુલાકાત પ્રદર્શિત કરી હતી. જેમાં મણિબહેને કહ્યું હતું, 'ઇડર પાસે એક શાળામાં માસિક રૂપિયા દસના પગારથી મેં નોકરી શરૂ કરી. પર્વતને અડીને પાસે જ તળાવ હતું. જ્યાં રોજ કપડાં ધોવાં જવાનું થતું. પર્વત ઉપરના જંગલમાંથી ઘણીવાર વાઘની ભયંકર ત્રાડો સંભળાતી. એકવાર હું કપડાં ધોતી હતી ત્યારે વાઘની ત્રાડ સંભળાઈ. મારી સાથેનાં બધાં સલામત સ્થળે ખસી ગયાં. મેં કપડાં ધોવાનું ચાલુ રાખ્યું. મને થયું કે મેં વાઘનું શું બગાડ્યું છે તે એ મારું બગાડે ? માનો ના માનો પણ વાઘ મારી પાસે આવ્યો અને મારી પાસેનાં થોડાં કપડાં લઈને ચાલ્યો ગયો.'

મહાન ગવૈયા તાનસેનના ગુરુ, બાબા હરિદાસના સંપ્રદાયના આઠમા આચાર્ય રાધાચરણદાસજી પાસે મણિબહેન દીક્ષિત થયાં હતાં. જ્ઞાન, ભક્તિ અને યોગના સમન્વય દ્વારા લગભગ ચાળીસ વર્ષની અવિરત સાધના પછી મણિબહેને પોતાના આત્માની ઓળખ કરી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, 'પરમાત્મા નિર્ગુણ હોવા છતાં આપણા ભાવને આધીન થઈને સગુણ સ્વરૂપ ધારણ કરે છે. પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ એક અખંડ અવિનાશી છે.'

એકવાર મણિબહેનને પ્રશ્ન કર્યો કે, 'આ યુગ કઠિન છે. વિજ્ઞાન અને યંત્રનો જમાનો છે. આ યુગના નવયુવાનોને ગળે ઊતરે એવો ઈશ્વર તરફ જવાનો ઉપાય ખરો ?' ઉત્તરમાં મણિબહેને જણાવ્યું હતું, 'કાળ પુરુષાર્થનો હોય કે યંત્રયુગનો હોય, માનવનો હોય કે દેવોનો હોય, અંદરથી પ્રભુમય જીવન જિવાય તો યુગ ગમે તેવો હોય તેનો વાંધો નથી. તૈયારી તમારી જોઈએ. મનુષ્ય પોતે જ અંદરથી બદલાતો જાય તો યુગને શી લેવા દેવા ?'

કડકમાં કડક વાત મધુરતા, શાંતિ અને વિનમ્રતાથી કહેતાં મણિબાના, એક સુંદર પ્રશ્નના ઉત્તર સાથે વિરમીશું. 'પહેલી કૃપા કે પુરુષાર્થ ?' મણિબાએ ઉત્તર આપ્યો હતો, 'કૃપા પહેલાં કે પુરુષાર્થ તેનો નિર્ણય ન થઈ શકે, આમ છતાં કૃપા વધારે મહત્ત્વની કારણ કે કૃપા વિના સાધન કે પુરુષાર્થ થવો કે એ તરફનું મુખ થવું મુશ્કેલ છે.' ❑

**(અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ)**

થતું દેખાય છે. આ બધું ઈશ્વરનું જ છે. એમાં આપણે પોતે પણ તેના જ છીએ. તેની સત્તા તળે છીએ અને તેના જીવાડ્યા જ જીવીએ છીએ.' બસ, એટલું જ જ્ઞાન કહેવાય. તે સિવાયનું ગમે તેટલું જાણીએ તે બધું અજ્ઞાન જ છે. આ તો બહુ છેલ્લી અવસ્થાની વાત થઈ, પરંતુ સાધકને તો જ્યારે સાધનામાર્ગનું કંઈક જાણવા મળે ત્યારે તે જાણેલાને જ્ઞાન જ કહેવું પડે છે.

સંસાર વ્યવહારનું-મોહને વશ થયેલા વાતાવરણમાનું જે કંઈ જાણવું તે અજ્ઞાન અને ઈશ્વરના માર્ગે પ્રયાણ કરવા માટે તપ, ત્યાગ અને વૈરાગ્ય તેમ જ યોગ અને ભક્તિ ઇત્યાદિ બાબતનું કાંઈ નવું જાણવું તે જ્ઞાન. ૐ ❑

## (૫) ભક્તિમાર્ગ સહેલો, જ્ઞાન માર્ગ કઠણ

**વિજય :** મહાશય ! આપ કમજાત અહંકારનો ત્યાગ કરવાનું કહો છો, તો શું દાસ-અહંકારમાં દોષ નથી ?

**શ્રીરામકૃષ્ણ :** હા, દાસ-અહંકાર અર્થાત્ હું ઈશ્વરનો દાસ, હું એમનો ભક્ત એવું અભિમાન, એમાં દોષ નહિ. ઊલટું એથી ઈશ્વરપ્રાપ્તિ થાય.

**વિજય :** વારુ, જેનામાં દાસ-અહંકાર હોય તેના કામ, ક્રોધ વગેરે કેવા હોય ?

**શ્રીરામકૃષ્ણ :** ભાવ જો સાચો હોય તો કામ, ક્રોધનો આકાર માત્ર રહે. ઈશ્વરલાભ પછી જેનામાં દાસનો અહંકાર કે ભક્તનો અહંકાર રહે તે વ્યક્તિ કોઈનું બૂરું કરી શકે નહિ. પારસમણિનો સ્પર્શ થયા પછી તલવાર સોનાની થઈ જાય. તેનો આકાર તલવારનો રહે પણ એ કોઈનો ઘાત કરી શકે નહિ. નાળિયેરીનાં પાંદડાં સુકાઈને ખરી પડ્યાં પછી ઝાડ ઉપર તેનો ડાઘ માત્ર રહે. એ ડાઘને લીધે એટલી ખબર પડે કે એક વખત અહીં પાન હતું. તે પ્રમાણે જેને ઈશ્વરપ્રાપ્તિ થઈ છે તેના અહંકારનો ડાઘ માત્ર રહે. કામક્રોધનો આકાર માત્ર રહે. નાનાં છોકરાં જેવી અવસ્થા થાય. છોકરામાં સત્ત્વ, રજ કે તમોગુણમાંથી કોઈ ગુણનું જોર ન હોય. નાનાં છોકરાંને કોઈ વસ્તુ ઉપર પ્રેમ કરતાં વાર નહિ, તેમ છોડી દેતાંય વાર નહિ, નાનાં છોકરાને ઘૃણા નહિ, પવિત્ર-અપવિત્રનુંય જ્ઞાન નહિ.

કોઈ કોઈને સમાધિ પ્રાપ્ત થયા પછી પણ ભક્તનો અહંકાર, દાસનો અહંકાર રાખે, હું દાસ, તમે પ્રભુ હું ભક્ત. તમે ભગવાન-એ અભિમાન ભક્તમાં રહે. ઈશ્વરપ્રાપ્તિ પછી પણ રહે. બધો અહંકાર જાય નહિ. વળી, એ અભિમાનનો અભ્યાસ કરતાં કરતાં ઈશ્વરપ્રાપ્તિ થાય. આનું જ નામ ભક્તિયોગ.

**ભક્તિના માર્ગથી પણ ક્રમેક્રમે બ્રહ્મજ્ઞાન થાય.** ભગવાન સર્વશક્તિમાન તે મનમાં લે તો બ્રહ્મજ્ઞાન પણ થઈ શકે, પણ ભક્તો ઘણે ભાગે બ્રહ્મજ્ઞાન માગે નહિ. હું દાસ તમે પ્રભુ-એવું અભિમાન રાખવા ઇચ્છે.

સાત ભૂમિકાની વાત તો મેં તમને કરી છે. સાતમી ભૂમિકાએ મન પહોંચે ત્યારે સમાધિ થાય. 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા'-એ જ્ઞાન બરાબર થાય તો મનનો લય થાય, પરંતુ કલિયુગમાં પ્રાણનો આધાર અન્ન ઉપર. એટલે બ્રહ્મ સત્ય, જગત મિથ્યા એ કેવી રીતે અનુભવમાં આવે? દેહબુદ્ધિ જાય નહિ ત્યાં સુધી એ અનુભવ થાય નહિ. હું દેહ નથી, હું મન નથી.

હું ચોવીસ તત્ત્વો (પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ વિષયો, પાંચ સૂક્ષ્મ ભૂત, મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત નથી. હું સુખદુઃખ નથી, મને વળી રોગ, શોક, જરા, મૃત્યુ શેનાં ? આ અનુભવ કલિયુગમાં થવો કઠણ. ગમે તેટલો વિચાર કરો પણ કોણ જાણે ક્યાંથી દેહાત્મબુદ્ધિ આવીને દેખાય, **દેહાભિમાન**

**જાય નહિ એટલે કલિયુગ માટે ભક્તિયોગ સારો અને સહેલો.**

મને ક્યારેય એવી ઇચ્છા થાય નહિ કે હું બોલું કે હું બ્રહ્મ. અહં બ્રહ્માસ્મિ. હું તો કહું કે તમે ભગવાન અને હું તારો દાસ. પાંચમી અને છઠ્ઠી ભૂમિકા વચ્ચે ખેલ્યા કરવું સારું. છઠ્ઠી ભૂમિકા પાર કરીને સાતમી ભૂમિકામાં ઝાઝીવાર રહેવાની ઇચ્છા મને થાય નહિ. એવી મારી ઇચ્છા, સેવ્ય-સેવકભાવ સારો.

હું જ તે, 'સોઽહમ' એ અભિમાન સારું નહિ. દેહાત્મક ભાવ હોવા છતાં જો એવો ભાવ રાખે તો વધુ હાનિ થાય. આગળ વધી શકે નહિ, પણ ક્રમશઃ અધઃપતન થાય, બીજાને છેતરે તેમ જ પોતાને પણ છેતરે. પોતાની અવસ્થા પોતે સમજી શકે નહિ.

પરંતુ ભક્તિ માત્ર કરવાથી જ કાંઈ ઈશ્વરને મેળવી શકાય નહિ. **પ્રેમભક્તિ વિના ઈશ્વર પ્રાપ્તિ થાય નહિ.** પ્રેમભક્તિનું એક બીજું નામ છે રાગભક્તિ. પ્રેમ-અનુરાગ ના હોય તો ભગવાન પ્રાપ્તિ ન થાય. ઈશ્વર ઉપર પ્રેમ ન આવે તો તેને મેળવી શકાય નહિ.

બીજા એક પ્રકારની ભક્તિ છે. તેનું નામ છે વૈધી-ભક્તિ. આટલાં જપ, આટલા ઉપવાસ, તીર્થ કરવાં, દર્શને જવું, આટલા ઉપચારથી પૂજા કરવી, આટલાં નૈવેદ્ય ધરવાં એ બધી વૈધી-ભક્તિ. એ બધું કરતાં કરતાં ક્રમે ક્રમે રાગભક્તિ આવે, પરંતુ જ્યાં સુધી રાગભક્તિ ન આવે ત્યાં સુધી ઈશ્વરપ્રાપ્તિ થાય નહિ. પ્રભુ ઉપર પ્રેમ જોઈએ. વિષયવાસના પૂરેપૂરી નીકળી જાય અને પ્રભુ ઉપર સોળે સોળ આના મન લાગે ત્યારે જ તેને પમાય.

ઈશ્વર ઉપર પ્રેમ આવે એટલા માટે જ જપ, તપ, ઉપવાસ. ઈશ્વર ઉપર અનુરાગ પ્રેમ, એની મેળે આવે તો જપ વગેરે કર્મોનો ત્યાગ થઈ જાય. હરિપ્રેમમાં મસ્ત થયા પછી વિધિપૂર્વકનાં કર્મો કોણ કરે ? જ્યાં સુધી ઈશ્વર ઉપર પ્રેમ ન જન્મે ત્યાં સુધીની ભક્તિ કાચી. ઈશ્વર ઉપર પ્રેમ આવે ત્યારે એ પાકી ભક્તિ.

જેની ભક્તિ કાચી હોય તે ઈશ્વરની કથા, ઉપદેશની ધારણા કરી શકે નહિ. પાકી ભક્તિ આવે ત્યારે ધારણ કરી શકે. ફોટોગ્રાફના કાચ ઉપર જો રસાયણ લગાડેલું હોય તો જે છબી પડે તે રહી જાય, પણ ખાલી કાચ ઉપર ભલેને હજાર છબી પડે, છતાં એક પણ રહે નહિ.

એ પ્રેમ, એ રાગભક્તિ આવે એટલે સ્ત્રી, પુત્ર, સગાં, કુટુંબી ઉપર પહેલાં જેવું, માયાનું આકર્ષણ ન રહે. સંસાર પરદેશ જેવો લાગે. જેમ કે, ઘરબાર દેશમાં ગામડાંમાં હોય, પણ કામધંધા રોજગારની જગા શહેરમાં. એટલે શહેરમાં ઘર લઈને રહેવું પડે એ કામધંધા સારુ.

આ અનુરાગ, આ પ્રેમ, આ પાકી ભક્તિ- આ સ્નેહ જો એકવાર આવે તો સાકાર-નિરાકાર બન્નેનો સાક્ષાત્કાર થાય, પણ ચિત્તશુદ્ધિ થયા વિના એ ન થાય. સોય કાદવથી ખરડાયેલી હોય, તો લોહચુંબક તેને ખેંચે નહિ. મનનો મેલ આંખનાં આંસુથી ધોઈ શકાય.

'શ્રીરામકૃષ્ણ કથામૃત-૧', પ્ર.આ., પૃ. ૧૩૪ ❑

## (૬) જીવનને ઘડવાની પૂજ્ય શ્રીમોટાની અનોખી રીત

પુષ્પાબહેન દલાલ

*(પૂજ્ય શ્રીમોટાએ સ્વજન/સાધક પુષ્પાબહેન દલાલને લખેલ પત્રોના આધારે જે પુસ્તકો પ્રકાશન પામ્યાં છે, તે પૈકી 'જીવન મંડાણ'ની પ્રથમ આવૃત્તિ સમયે પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈનો પુષ્પાબહેન સાથે વાર્તાલાપ થયો હતો. તેનું આ લખાણ છે. - સંપાદક)*

અમે પૂછ્યું, 'તમે આ લેખકના (પૂજ્ય શ્રીમોટાના) પરિચયમાં કેવી રીતે આવ્યાં ? તમે તો એમને મુદ્દલે ઓળખતાં ન હતાં અને કોઈ પૂર્વાપરનો સંબંધ પણ ન હતો !'

તે બહેને કહ્યું, 'જુઓ ત્યારે તમને વિગતથી વાત કરું. મારી એક મોટી દીકરી છે. તે તેની બહેનપણીને ત્યાંથી કવિતાની એક ચોપડી વાંચવાને લાવેલી અને તે મારા ઓરડામાં કેટલાય દિવસ સુધી પડી રહી. એક દિવસ હું મારા ઓરડામાં સૂતી હતી, ત્યાં ઓચિંતો પવનનો ઝપાટો આવ્યો અને પેલી ચોપડી જે બારી ઉપર હતી ત્યાંથી ઊડીને મારા શરીર ઉપર પડી અને જે ઉઘાડું પાનું હતું, તેમાં જે પ્રાર્થનાંકાવ્યો હતાં, તે મારા વાંચવામાં આવ્યાં. તે સમયની મારી માનસિક દશા આબેહૂબ તે પ્રાર્થનાંકાવ્યોમાં આલેખાયેલી તાદશ્યપણે અનુભવી. ત્યારથી એ **'હૃદય પોકાર'**ની પ્રાર્થનાઓ હું વાંચવા લાગી અને એના લેખક કોણ હશે એ પણ જાણવાની મરજી થયેલી. એમ કરતાં કરતાં તો સમય વીતી ગયો. દક્ષિણમાં મારાં સગાંસંબંધીઓ સાથે યાત્રાએ જવાનું થતાં, આડફંટે ફંટાઈને-જ્યાં જવાનું ન હતું ત્યાં જવાનું થયું, તે કુંભકોણમ્‌માં, ઝવેરાતની એક પેઢીને ત્યાં અમને જમવા નોતરેલાં. પેઢીના ભાગીદારનાં પત્ની અમદાવાદનાં છે અને તેમને હું આમ તો ઓળખતી. તેમના ઓરડામાં હું બેઠી હતી ત્યાં પેલી જ 'હૃદય પોકાર'ની ચોપડી પણ જોઈ. એટલે મને નવાઈ લાગી. મેં તેમને પૂછ્યું, 'તમારી કને આ ચોપડી ક્યાંથી ?' તે બહેને કહ્યું, 'કેમ ના હોય ? તેના લેખક જ અમારે ત્યાં રહે છેને ?' 'એમ! તે અહીં રહે છે ? મારે તેમને જોવા છે અને કંઈક વાત કરવી છે.' પછી તે બહેને આ લખાણના લેખકને બોલાવ્યા. ત્યારથી તેમના પરિચયમાં આવી. તે પછી પત્રવહેવાર શરૂ કર્યો અને તે પત્રવહેવાર આ ચોપડીમાં છપાયો છે. ભક્તિ, શ્રદ્ધા વગેરેની સમાજમાં જે ઘરેડયુક્ત સમજણ છે, તેના કરતાં આમાં **કોઈ જુદા જ પ્રકારની જીવનને ઘડવાની તેમની અનોખી સમજણ છે.** જીવનમાં કર્મની સાથે અથવા તો મળતા પ્રસંગોની સાથે સાધનાની ભાવનાનો કેવી રીતે મેળ ખવડાવવો એની સમજણ એમના જે પત્રવહેવારમાંથી પડી છે, તે લખાણની એમની શૈલી ઘણી સરળ, અદ્‌ભુત અને અનોખી મને લાગેલી છે. હિંદુસમાજમાં સંયુક્ત કુટુંબની ભાવનામાં પહેલાં જે સુમેળ હતો, એકબીજાને માટે સહન કરવાની જે સહનશક્તિ અને સહાનુભૂતિ હતી અને પરસ્પરને માટે ઘસાવાની જે હાર્દિક ઉદારતા અને બહોળાં મન હતાં, તે સંયુક્ત કુટુંબની

ભાવના આજે ઓસરતી જાય છે, તેવી વેળાએ જીવનમાં બધાંની સાથે સુમેળ પ્રગટાવવાના યજ્ઞની સમજણ જે તેમણે મારે ગળે ઉતારી, તે અદ્‌ભુત બોધપાઠ જોકે હજુ હું સાંગોપાંગ હ્રદયમાં ઉતારી શકી નથી, પરંતુ તે પ્રમાણે વર્તવાની આંખ કંઈક ખૂલી છે અને ખાસ કરીને તેમના પત્રો દ્વારા હું વિશેષ પરિચયમાં આવી છું. તેમના વિશેના પરિચયની આટલી મારી હકીકત છે.'

ત્યાર પછી અમે એમને પૂછ્યું, 'એમની ભક્તિની સમજણમાં તમને જે અનોખી રીત લાગી તે કેવી રીતે ?' તેમણે જવાબ આપ્યો, **'મળેલા જીવન અને મળેલી પરિસ્થિતિથી કોઈ જુદી રીતે ક્યાંય ભક્તિ નથી.** કર્મ એ ભાવનાને આકાર આપવાનો સમર્પણયજ્ઞ છે, અને જીવનમાં મળતા પ્રસંગો જીવનવિકાસને માટે ઘડતરરૂપ છે. જો હ્રદયમાં જ્ઞાનની ભાવનાની જ્યોત જલતી રહે તો પ્રત્યેક પ્રસંગ ગુરુરૂપ બની જાય છે. ક્યાંય વિસંવાદ નથી. વિરોધ કે વિસંવાદ લાગે છે તેનું મૂળ આપણામાં છે. વળી, ભાવના, ઊર્મિ, વૃત્તિ અને વિચારનાં પૃથક્કરણ વિશે જાગૃત થવાનું તો મને કદી ભાન પણ ન હતું. પ્રત્યેક કર્મ, પ્રસંગ કે મેળાપ સમયે કે વાતચીત સમયે આપણાં મનની ભાવના, ઊર્મિ, વૃત્તિ, વિચાર વગેરે કેવાં કેવાં રહે છે, તેના ઉપરથી આપણને આપણી કક્ષાની ખબર પડી જવી જોઈએ એવું પ્રત્યક્ષ જ્ઞાન મને તેમના તરફથી મળ્યું. ભક્તિ એ વહેવારમાં જ્ઞાનની ભાવનાથી વર્તવાની ઉત્તમમાં ઉત્તમ રીત છે અને જીવનની સાથે ઓતપ્રોત વણાયેલી છે એ મને પ્રત્યક્ષ સમજાયું. એવી જ્ઞાનપૂર્વકની ભક્તિ કરવાથી જીવનમાં મળતો પ્રત્યેક પ્રસંગ, સંબંધ, વર્તનવહેવાર વગેરેમાં શાંતિ, સમતા, તટસ્થતા, ઉદારતા, સહિષ્ણુતા, સહનશીલતા વગેરે ગુણોનો તે તે અનુભવ થતો જાય અને આપણા જીવ સ્વભાવની પ્રકૃતિનો રંગ બદલાતો જાય એનું નામ ખરું ભક્તિનું સ્વરૂપ અને એનાથી પણ આગળનાં પગથિયાં છે, પણ હાલમાં તો મને આટલું સમજાયું છે.'

અમે કહ્યું, 'ઓહો! તમે બહુ સરસ ભક્તિ વિશેની સમજણ આપી ત્યારે હવે તમારો ગુરુ વિશેનો શો ખ્યાલ છે ?'

તેમણે જવાબ આપ્યો, 'ભાઈ ! મને હજુ એની શી ગતાગમ પડે ? અને તે વિશે બોલવું એ કદાચ મારે માટે યોગ્ય પણ ન ગણાય, પરંતુ એટલું સમજાય છે કે બાળકને ચાલવાની સહજ તમન્ના પ્રગટતાં તેને આંગળી આપીને કે દેખાડીને તેની ચાલવાની વૃત્તિને માબાપ પોષણ આપ્યા કરે છે, તેવી રીતે ગુરુ, સાધકના જીવનને ઘડતો હોય છે. ગુરુ એ સ્થૂળ નથી, પણ ગુરુની ભાવનાનો વિસ્તાર જીવનના જુદાં જુદાં કર્મનાં ક્ષેત્રોમાં પ્રત્યક્ષ થતો આપણાથી જ્ઞાનપૂર્વક અનુભવાય અને ગુરુની ભાવનાથી ઉત્કટતા હ્રદયમાં જીવતી થતાં તે આપણો જાગૃત ચોકીદાર પ્રત્યેક પળે રહ્યા કરતો હોય છે, એવું પણ આગળ જતાં અનુભવાય છે. આ તો બધી હજી મારી કોરી સમજણ છે. અનુભવની સમજણ નથી. આનાથી વિશેષ તો શું કહી શકું ? પણ ગુરુ, મારે મન ખાલી પૂતળું નથી, જેમ નિશાળમાં આગળ શીખવાને માટે શિક્ષક

હોય અને જે જે કંઈ શીખવાનું હોય છે, તે કોઈ ને કોઈ કનેથી શીખવાનું રહે છે, તેમ ગુરુ પણ શીખવા માટે છે, પણ એની હૃદયમાં ગરજ જાગ્યા વિના ભાવનાથી સતત એકધારું પળેપળ તેને જ્ઞાનપૂર્વક વળગી રહેવું એ લગભગ અશક્ય ઘટના છે. જેમ જેમ શીખવાની ઉત્કટ ગરજ જાગે અને તેમાં સાચો સ્વાર્થ આપણને સમજાય ત્યારે જ ગુરુનું મૂલ્યાંકન આપણાથી થાય.'

મેં પૂછ્યું, 'ત્યારે સાધના કરવાની વિધિ બિધિ ખરી કે નહિ ?' એમણે કહ્યું, 'એમની સાધનાની રીત તો એ પ્રકારની છે કે સકળ કંઈ કર્મ કરતાં કરતાં તેમાં પ્રભુના નામસ્મરણની ભાવના જીવતી રહ્યા કરે, કર્મથી કરીને હૃદયની ભાવના આકાર પામે અને કર્મ ઘડાવાને માટે છે એવા હેતુનું જ્ઞાનભાન રહ્યા કરે, અને તે સકળ કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે યજ્ઞભાવાર્થે કરવાનાં હોય અને એવી જ્ઞાનપૂર્વકની ભાવનાથી મળતા પ્રત્યેક કર્મમાં મનાદિ કરણોનો જીવનવિકાસના જ્ઞાનની સાથે સુમેળ જામતો રહે, એને તેઓ સાધના કહે છે અને એ જ સાધનાની વિધિ છે. જીવનથી અતિરિક્તપણે નિરાળી એવી કોઈ સાધના નથી. આટલું હું તો ટૂંકામાં ટૂંકું સમજી છું.'

'મારા ઉપર તેમણે જે કાગળો લખેલા છે, તેનો પૂરેપૂરો બધો ભાગ આ ચોપડીમાં છપાઈ ગયેલો નથી. હજી અધૂરો છે. તથા, જીવનના શાસ્ત્ર વિશેની સમજણ અને જ્ઞાન તેમાં પૂરેપૂરાં અપાયેલાં નથી, કારણ કે એક તો મારી કક્ષા એવી અને મને પચે એટલું જ તે આપે અને મને જે બધું લખેલું છે, તે બધું પૂરું આમાં છપાયું નથી. એટલે વાચકને એ લખાણ ઘણું અધૂરું લાગે એવો પૂરો સંભવ છે, પરંતુ જેમ જેમ સગવડ મળતી જશે તેમ તેમ હવે પછીના કાગળો છપાશે એમ લાગે છે ખરું.'

અમારી વચ્ચે થયેલી આ વાતચીત એ જ આ સંપાદકના બે બોલ તરીકે પૂરતી છે.

'જીવન મંડાણ', પ્ર. આ., સંપાદકીય ❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૧ નું ચાલુ)**

*લોક તો નવરા, કામ વિનાના, બોલે ફાવે તેવું જી,*
*સાંભળ્યે એવું પાર ન આવે, સઘળું ભાવથી સહેવું,*
*ડરવું શાને જી ?*
*લોકો પૂંઠળ કહે છે મારી, દેતાં મહેણાં મસે તો જી,*
*બીજું એમને તો શું કહેવું ? સંગત મારી ન કરશો,*
*ડરવું શાને જી ?*
*કોઈને એમણે છોડ્યા નથી તે, મુજને તે કેમ છોડેજી,*
*સીધો જગને આડો લાગે, એવા છે જગના લોક,*
*ડરવું શાને જી ?*
*ભાવે તે મન બોલજો તમે, સહેવાયે તો સહેજોજી,*
*નહિતર મુજને અળગો જાણી, શામળો વરવો દેજો,*
*ડરવું શાને જી ?*
*જેને જેવું લાગે તે બોલે, તેમાં તેનો શો દોષ જી ?*
*ખરું કરાવવા ક્યાં ક્યાં જાવું, હૈયે ન ધરવો રોષ,*
*ડરવું શાને જી ?*
*ઈચ્છવું બૂરું કદી ન કોનું, નિંદા કોની ન કરવી જી,*
*નિશ્ચય રાખી વળગી રહેવું, ફિકર પાકી કરવી,*
*ડરવું શાને જી ?*

'જીવન સંશોધન', પ્ર.આ., પૃ. ૧૭૬ ❑

# (૭) માતૃપૂજા : સહજ સાધના

શ્રીમોટા

માનાં પ્રેમભાવ અને શક્તિ પ્રગટપણે જેટલાં જગતમાં છે, એટલાં કોઈનાં જ નથી. જેવી અમારી મા તેવા અમે. મા જ સ્થૂળ રીતે સૃષ્ટિને જન્માવે છે, પોષે છે અને મૃત્યુ પમાડે છે. 'જન્માવે છે અને પોષે છે' એ વાત બુદ્ધિથી ગળે ઊતરી શકે એવી છે, પણ મૃત્યુ પમાડે છે તે વાત ગળે ઊતરી શકે એવી નથી, પણ માની ભાવના, સ્ત્રીની ભાવના એ જ જગતને જીવનના કે મૃત્યુના પરિણામમાં લાવવાને કે રાખવાને ફલિતાર્થ બનતી હોય છે એ પણ હકીકત છે.

ઘર અને કુટુંબમાં પણ જાણ્યેઅજાણ્યે સ્ત્રીની ભાવના જ સૂક્ષ્મ રીતે પ્રાબલ્ય ભોગવતી હોય છે. સ્ત્રી ભલે નમી જતી દેખાય, પણ એ નમે છે તે જીતવા માટે. એ એનો  નૈસર્ગિક સ્વભાવ છે. એટલે માતાની ભક્તિને આપણા શાસ્ત્રમાં આટલું બધું મહત્ત્વ છે, એનો હેતુ પણ જ્ઞાનપૂર્વકનો છે.

જો સમાજ સાચી રીતે માતાની ભક્તિના આદર્શ જીવનવાળો હશે તો તેનું વલણ માતા, બહેનો પ્રત્યે કે સ્ત્રી પ્રત્યે કોઈ રૂપાંતર પમાયેલું જ રહ્યા કરશે. એથી કરીને માતા, બહેનો કે સ્ત્રીની સમજશક્તિને ઊંચે આવવાપણું સહજપણે બનવાનું. સમાજમાં સ્ત્રીનું વાસ્તવિકપણે ઊંચું આવવાનું બને એમાં જ સમાજનો ઉદ્ધાર રહેલો છે. માતાઓનાં મનમાં, ચિત્તમાં, પ્રાણમાં અને બુદ્ધિમાં જેટલાં સદ્‌ભાવ, સદ્‌વિચાર અને સદ્‌વર્તન કેળવાયેલાં હશે તે પ્રમાણે જ આપણે થવાના છીએ.

એટલે કોઈ પણ સાધકના આધ્યાત્મિક જીવનના માપનું એક પ્રત્યક્ષ લક્ષણ તેની તેની માતા, બહેનો કે સ્ત્રી પરત્વેનું તેનું વલણ કેવા પ્રકારનું છે, એ ઉપરથી એ પોતે પોતાના જીવનની કક્ષાનું માપ કાઢી શકવાનો છે. સદ્‌ભાવની અસર થયા વિના રહી શકતી નથી. એટલે સમાજની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ મા, બહેન, સ્ત્રી પરત્વે સદ્‌ભાવવાળું રહ્યા કરે એ પણ એક ઉદ્દેશ કે હેતુ માની પૂજા કે સંપ્રદાય પાછળ હોવા સંભવ છે. માની ભક્તિ કરનારા સમાજની પ્રત્યક્ષ સેવા જ કરી રહેલા છે, પણ હાલ કલ્પી લીધેલી એ ભક્તિનું ક્ષેત્ર કે મર્યાદા કરતાં ક્યાંયે વધારે ઉદાર અને વિશાળ છે.

માનવજીવનમાં જેના પ્રત્યે વધારેમાં વધારે પ્રેમભાવ છે, એની ભાવનાની છાપ જીવન ઉપર વધારે ઝટ દઈને ઊગી શકે છે. એટલે મા જેટલું જીવનને વહેલું ઉગાડી શકે, તેટલું બીજું કોઈ ના ઉગાડી શકે. સાધનાની રીતે તથા માનસશાસ્ત્રીય ભાવનાના પૃથક્કરણની રીતે જોતાં એ ભક્તિ સમાજના આદ્ય ઋષિમુનિઓને સહજ, સુલભ લાગી હશે. એટલે જાતે પ્રયોગો આદરી એની પ્રણાલિકાને સિદ્ધ કરી સમાજને ચરણે મૂકી દીધી છે. **બીજી બધી સાધનાના પ્રકારો કરતાં માની સાધનાની ભાવના જીવનમાં જલદી મનથી પકડમાં આવી શકે તેવી છે.** ભાવનાના ક્ષેત્રમાં ઋષિમુનિઓએ જેટલું સંશોધન કર્યું છે તેટલું હજી કોઈ કરી શક્યું નથી.

સમાજના-માનસના થર જેવા જેવા રહ્યા કરશે

**(અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)**

## (૮) પૂજ્ય મોટાની કૃપાસહાય અમે અનુભવી છે

ભૂપેન્દ્ર રામભાઈ પટેલ

પૂજ્ય શ્રીમોટા માટે નરોડા ગામ (અમદાવાદ) ગોકુળિયું ગણાય છે. નરોડા ગામનાં અનેક સ્વજનો પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયાં છે અને એ સૌ કોઈએ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી અનેક પ્રકારે સુખી અને સમૃદ્ધ થયા છે. નરોડામાં હરિઃૐ આશ્રમનો પ્રારંભ અને સંચાલન કરનાર શ્રી અમૃતલાલ જેસીંગભાઈ પટેલ હતા. તેઓશ્રીને સ્વજનો મોટા અમૃતકાકાથી સંબોધતા હતા. નરોડામાં બીજા અમૃતભાઈ ગોવિંદભાઈ પટેલ હતા. તેઓને શરૂમાં નાના અમૃતકાકા તરીકે અને પાછળથી લુંગીવાળા તરીકે સ્વજનો સંબોધતા, પૂજ્ય શ્રીમોટાએ લુંગી પહેરવાનું સૂચન કરતાં તેઓશ્રી લુંગી પહેરતા હતા.

મારાં માતુશ્રી સદ્‌ગત પુષ્પાબહેન આ નાના અમૃતકાકાનાં બહેન હોઈ પિયર પક્ષથી પૂજ્ય શ્રીમોટા સાથે અમારો સંપર્ક થયો હતો. અમો અમદાવાદમાં માદલપુર ગામમાં એક નાના મકાનમાં સંયુક્ત કુટુંબ તરીકે રહેતા હતા. ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં શ્રી ઇંદ્રવદન શૅરદલાલ - શ્રી ઇંદુકાકાના નિવાસે પૂજ્ય શ્રીમોટાની પધરામણી અવારનવાર થતી હતી એટલે અમારા રહેણાંકથી તે સ્થળ નજીક હોઈ પૂજ્ય શ્રીમોટાનાં દર્શને મારાં માતાપિતા જતાં હતાં.

એક વખત પૂજ્ય શ્રીમોટાએ મારાં માતુશ્રીને કહ્યું, ‘પુષ્પા મારે તારા ઘેર આવવું છે.’ પરંતુ અમારું નાનકડું મકાન અને સંયુક્ત પરિવાર એટલે જે સંકડાશ હતી તેના કારણે મારાં માતુશ્રીએ શ્રીમોટાને વાત કરી કે ‘મોટા અમે તો ખૂબ નાના ઘરમાં બધાં રહીએ છીએ. તમને ક્યાં બેસાડવા એ પણ પ્રશ્ન છે. એટલે શ્રીમોટાની પધરામણીની વાત ત્યાં અટકી પડી. મારા પિતાશ્રી માદલપુર ગામમાં એક નાનકડી દુકાન ચલાવતા હતા એટલે ખાસ કોઈ મૂડી ન હતી.’

ઉપર પ્રમાણેના પ્રસંગને થોડાક જ દિવસ થયા હશે એટલામાં મકાનો લે-વેચનો ધંધો કરનાર મારા ફુઆશ્રી મણિલાલે મારા પિતાશ્રી રામભાઈને વાત કરી કે પાલડીના ફતેપુરા વિસ્તારમાં એક ફ્લૅટ છે. તમારે એ રાખવો હોય તો વિચારજો. પોતે બ્હાનાખત(સાટાખત)ની રકમ તો આપી દીધી છે એમ પણ કહેલું. પણ અમારી પાસે પૈસાની કોઈ જોગવાઈ ન હતી, પરંતુ મારાં માતુશ્રીને શ્રીમોટા પ્રત્યે શ્રદ્ધા હતી એટલે નાણાંનો પ્રબંધ પણ શ્રીમોટાની કૃપાથી થઈ જશે એમ કહ્યું હતું અને બન્યું પણ તેમ જ.

અમે એ ફ્લૅટમાં રહેવા ગયા પછી થોડાક જ દિવસોમાં પૂ. શ્રીમોટાને અમારા નિવાસે પધરામણી કરવા જણાવ્યું. અમારા કુટુંબ ઉપર કૃપાવર્ષા કરવાનું કોઈ નિમિત્ત હશે એટલે એ મકાનમાં પૂ. શ્રીમોટાની પધરામણી થઈ હતી. એ સમયે મારી નાની ઉંમર હતી. શ્રીમોટાએ મને તેમના ખોળામાં બેસાડી રમાડેલો. એની યાદ આજે પણ મારા મનમાં તાજી છે.

પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયથી અમારી ઉન્નતિ એક પછી એક વર્ષે થતી રહી. કેટલાંક વર્ષો બાદ અમે જોધપુર (અમદાવાદ) વિસ્તારમાં એક મોટો ફ્લૅટ લીધો. તેમાં સંડાસ-બાથરૂમની સગવડવાળો એક રૂમ હતો. તેને મૌનરૂમ બનાવી મારાં માતુશ્રી અનુષ્ઠાનમાં બેસતાં હતાં.

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ જાની ફાળો ઉઘરાવવા અમારા નિવાસે આવતા હતા.

નરોડા ગામમાં સ્વજનો નામસ્મરણ કરતા હોય છે. એવા એક પ્રસંગે નામસ્મરણ અમારા પરિવાર થકી કરાવેલું અને સ્વજનોને ખીચડી-કઢીના પ્રસાદનો પણ પ્રબંધ કરેલો.

મારાં માતુશ્રી પુષ્પાબહેનનો દેહાંત તો તા. ૬-૧૧-૨૦૧૭ના રોજ થયો છે, પરંતુ એ અંતકાળ પણ અમારા માટે યાદગાર બની રહ્યો છે. અણધારી રીતે અમારા પરિવારના અને મારા મોસાળપક્ષના સભ્યો ઉપસ્થિત હતા. એ સમયે મારાં માતુશ્રી વ્હીલચૅરમાં હરતાં ફરતાં હતાં તોપણ પોતે સ્નાન કરી હરિસ્મરણ કરતાં કરતાં અંતિમ શ્વાસ લીધા હતા. જોકે એ બધું તો ગુરુજીની જ કૃપા ગણાય.

અમારાં સદ્ગત માતુશ્રીની અને પૂજ્ય શ્રીમોટા ગુરુજીની કૃપાથી અમારા પરિવારે અનેક રીતે પ્રગતિ કરી છે અને ગુરુજીની પધરામણી બાદ ઉન્નતિમાં અમે ક્યારેય પાછું વળીને જોયું નથી એમ કહી શકાય. અભ્યાસના ક્ષેત્રે પણ બાળકોએ વિકાસ કર્યો છે અને વ્યવહારના ક્ષેત્રે પણ ઘણા આગળ વધ્યા છે.

પૂજ્ય શ્રીમોટાની થોડીક વાતો મેં મારાં માતુશ્રીના મોંઢે સાંભળી હતી અને કેટલીક વિગત મારા સ્વાનુભવની જે હતી તે વર્ણવી છે. પૂજ્ય શ્રીમોટાને અમારા પરિવારના કોટિકોટિ પ્રણામ.

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ઇંદ્રવદન ભલાભાઈ લેખડિયા ચૅરિટેબલ ટ્રસ્ટ જૂન, ૨૦૧૯ના હરિભાવના પ્રકાશનમાં સહયોગ | અમદાવાદ | ૨૫,૦૦૦/- |
| ૨. | સદ્ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રીમતી લતાબહેન અનિલભાઈ શાહ | મુંબઈ | ૩,૫૦૦/- |
| ૩. | એક સ્વજન : જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧,૧૦૦/- |
| ૪. | મિતુલકુમાર મનોજભાઈ પટેલ સુપુત્ર ચિ. ક્રિશીલ અને સુપુત્રી ચિ. ખુશીના જન્મદિન નિમિત્તે | બારડોલી | ૧,૦૦૧/- |
| ૫. | અરુણભાઈ શાહ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૬. | કરિશ્મા ભરતકુમાર ઠાકોર : પૂજ્ય શ્રીમોટાના રામનવમીના ઉત્સવ નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૭. | અશ્વિનકુમાર એ. ચૌહાણ | અમદાવાદ | ૫૦૧/- |
| ૮. | રામચંદ્ર મકવાણા - ગોવિંદભાઈ મગનભાઈ ઝીંઝૂવાડીયાની પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૫૦૧/- |
| ૯. | પુષ્પાબહેન આર. હલવાવાળા - રમેશભાઈ ઠાકોરભાઈ હલવાળાના જન્મદિન ૧૯/૫ નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૦. | સુશીલાબહેન કૃષ્ણકાંત શાહ સદ્ગત જીવનસાથી કૃષ્ણકાંત ચીમનલાલ શાહના સ્મરણાર્થે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૧. | ઈંદુભાઈ રમણલાલ પટેલ | નરોડા | ૫૦૦/- |
| ૧૨. | કુંદનબહેન એન. પ્રજાપતિ (૧૧-૪ના રોજ ૧૫૧/- અને ૯-૫ ના રોજ ૧૫૧/-) | વડોદરા | ૩૦૨/- |
| ૧૩. | જુહીલકુમાર મૂકેશભાઈ પટેલ | મીંઢી-ઓલપાડ | ૨૫૧/- |
| ૧૪. | રેખાબહેન મૂકેશભાઈ પટેલ | મીંઢી-ઓલપાડ | ૨૫૧/- |
| ૧૫. | પ્રમોદભાઈ મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૯) મૂર્તિપૂજા પાછળ પણ રહસ્ય છે

**સ્વામી સદાશિવ**

ભારતીય સાધના કે ઉપાસનામાં મંત્ર અનિવાર્ય હોય છે. મૂળ બાબત એ છે કે રૂપ વગર નામનું અસ્તિત્વ ટકી શકે છે પણ નામ વગર રૂપનું અસ્તિત્વ નભી જ ન શકે. જ્યાં મૂર્તિપૂજા છે ત્યાં મંત્ર અનિવાર્ય છે.

કોઈ પણ દેવ કે દેવી મંત્રને આધીન હોય છે. જેમ કપડાંમાં તાણાવાણારૂપે સૂતર હોય છે. મંત્રસિદ્ધ માંત્રિકો મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા સમયે જે તે દેવદેવીઓનું તે મંત્ર વડે આવાહન કરીને મૂર્તિમાં પ્રતિષ્ઠિત કરી શકે છે. જેમ લોખંડમાં વીજળીશક્તિનું સંક્રમણ કરીને લોખંડને ચુંબક બનાવી શકાય છે, તેમ જ મૂર્તિને જે તે મંત્ર વડે શક્તિસંપન્ન કરી શકાય છે. આ પ્રક્રિયાઓ શ્રદ્ધાત્મક, ભાવનાત્મક અને રહસ્યોથી ભરપૂર હોય છે.

સ્થૂળ જગતમાં ઊંચ અને નીચ એવી વિભિન્ન દેહધારીઓની કક્ષાઓ હોય છે. તે જ પ્રકારે સૂક્ષ્મ જગતમાં પણ વિભિન્ન કક્ષાઓ હોય છે. બહુ જ ઉચ્ચકક્ષાના દેવતાઓ બહુ જ નિમ્ન કક્ષાના સાધકોના તુચ્છ સંસ્કારને સહન કરી શકતા નથી. તે કારણે તેઓ સાધકની સંનિધિમાં આવતા નથી. આ કારણે સાધકની સાધના નિષ્ફળ જાય છે. તેવી જ રીતે ઉચ્ચ કક્ષાના સાધકના તેજને નિમ્ન કક્ષાના દેવતા-ભૂતપ્રેતાદિ સહન કરી શકતા નથી એટલે દૂર રહે છે.

વિશેષતઃ જેઓ ભાવનાપ્રધાન - લાગણીપ્રધાન સાધક હોય છે તેઓ જ મૂર્તિપૂજા કે સગુણ ઉપાસનામાં શ્રદ્ધા અને વિશ્વાસને અનુરૂપ ફળ મેળવી શકે છે, પરંતુ જેઓ વિચારપ્રધાન સાધક છે તેઓની રુચિ આ સગુણ ઉપાસના કે મૂર્તિપૂજામાં થઈ શકવાની નથી. કદાચિત્ દેખાદેખી કે કોઈ ચમત્કારિક પ્રલોભનને વશ થઈને પૂજા-અર્ચના કે ઉપાસના કરશે તો તેનું ફળ તેઓને નહિ જ મળે, અપિતુ કાયમ માટે અશ્રદ્ધાવાન્ થઈને બીજાની શ્રદ્ધા ઉપર હાનિ પહોંચાડશે.

વ્યાવહારિક જગતમાં રુચિ, પ્રકૃતિ અને સંસ્કારને અનુરૂપ પ્રવૃત્તિ કરે તો જ સફળતા મળે છે અને આહાર પણ રુચિ, પ્રકૃતિ અને સંસ્કારને અનુરૂપ કરે તો જ શરીરને પોષણ મળે છે. આમ, દરેક બાબતમાં રુચિ, પ્રકૃતિ અને સંસ્કાર ઉપર ફલપ્રાપ્તિનો આધાર હોય છે.

'જીવન વિજ્ઞાન', બી.આ., પૃ.૯૫ ❑

---

### (અનુસંધાન પેજ નં. ૨૦ નું ચાલુ)

તેવા તેવા તે સંસ્કારના અર્થ હેતુ સમજાતા રહેવાના છે. સમાજમાં જીવતા કે મડદા જેવા જણાતા સંસ્કારો પાછળ કેટલાંયે ઉત્કૃષ્ટ જીવન સમર્પણ થયેલાં છે. અને એમની એવી જીવન રાખમાંથી જ એવા સંસ્કાર જીવન પાંગરવાની શક્યતા રહેલી છે. સાધના એ જીવનના સમગ્રપણાનો વિષય છે. એ રીતે જો આપણે ભાવનાનું સેવન કરી શક્યાં તો જ ભાવને જીવનમાં પ્રત્યક્ષ કરી શકવાનાં છીએ.

'જીવન મર્મ', પ્ર. આ., પૃ. ૩૮ ❑

# (૧૦) સર્વ અન્નમાં ભાખરી શ્રેષ્ઠ છે

**શ્રીઉપાસની મહારાજ**

પ્રત્યેક પદાર્થોનાં નામો તેના ગુણધર્મો ઉપરથી રાખેલાં છે. જુવારની, બાજરીની, મકાઈની, ચોખાની, ઘઉંની કે કોઈ ઈતર ધાન્યની ભાખરી કોઈ કોઈ બનાવે છે. ભાખરીને કોઈકે સૂર્યકન્યા કહ્યું છે.

ભાકર એટલે સૂર્ય. આ સંસ્કૃત શબ્દ છે. કોઈ કોઈ આના આરંભે 'પ્ર' શબ્દ ઉપસર્ગ લગાડે છે. એટલે 'પ્રભાકર' એવો શબ્દ થયો. સૂર્યનાં જે નામો છે તેમાં ભાકર, ભાસ્કર, પ્રભાકર છે. 'ભા' એટલે પ્રકાશ. પ્રકાશને જે ઉત્પન્ન કરે છે તે ભાકર અથવા સૂર્ય. એટલે ભાખરી બનાવતાં અને ખાતાં આવડે એટલે તે જીત્યા.

ઈશ્વરે ભાખરી બનાવવાનો અધિકાર સ્ત્રીને આપ્યો છે. પરમેશ્વરે સ્ત્રીઓમાં અનેક પ્રકારની યોગ્યતા મૂકી છે. પતિથી સૂર્યમંડળ ભેદી શકાય માટે જ ભાખરી બનાવવાની યોગ્યતા તેઓમાં મૂકી છે. **સર્વ અન્નમાં ભાખરી શ્રેષ્ઠ છે.**

સ્ત્રીઓથી થઈ શકતું ન હોય તો પુરુષે પોતે સ્ત્રીઓના ગુણધર્મ લઈ ભાખરી કરી, પોતે ખાઈ બીજાને પણ ખવડાવવી. સ્ત્રીઓમાં ભાખરી બનાવવાનો સ્વાભાવિક ગુણધર્મ પરમેશ્વરે મૂક્યો છે. એટલે પુરુષોએ ભાખરી કરવી નહિ એવું નથી.

સ્ત્રીજાતિ પુરુષોની આયુષ્યવૃદ્ધિ, ઉદ્ધારગતિ અને પરમેશ્વરી સુખ માટે મુખ્ય સાધન છે, કારણ કે સ્ત્રી-પુરુષની ઉત્પત્તિ સ્ત્રી-પુરુષને યોગે જ થયેલી હોય છે. એટલે પરસ્પરની ઉદ્ધારગતિ પણ પરસ્પરના યોગે જ થવાની. આ એક સિદ્ધાંત છે, તેમ જ પરસ્પરની અધોગતિ પણ પરસ્પરના યોગે જ થવાની. આ પણ સિદ્ધાંત છે.

સ્ત્રીજાતિ સિવાય બીજી જેટલી કાંઈ જડ અને ચૈતન્ય ભોગ્ય એવી વિષયવસ્તુ છે, તે સર્વ ઐહિક સુખ માટે છે અને સ્ત્રીજાતિ જે ભોગ્ય વિષયવસ્તુ છે, તે કેવળ અખંડ ઈશ્વરીસુખ પ્રાપ્તિ માટે છે. સ્ત્રીજાતિ એ ઐહિક સુખના ઉપભોગ માટે નથી. ડાહ્યા લોકોએ આ સિદ્ધાંતને લક્ષમાં લેવો. તમે પુરુષો જો આ સિદ્ધાંતને ન અનુસરો તો તમારું પરિણામ એ રીતનું જ થશે ! કેટલાંક તો પત્નીને રસોઈ ન કરવા દેતાં બન્નેનું જમવાનું લૉજ કે હોટેલમાંથી મંગાવી લે છે.

જવા દો. ક્યાં સુધી તમારા દોષો કાઢતો રહું. જેવું કરશો તેવું ભરશો.

'શ્રીઉપાસની વાક્સુધા-૨', પ્ર.આ., પૃ.૧૮૮ ❑

## ડૉક્ટરની પ્રાર્થના

દવાખાનું મારું રહે મંદિર ધામ,<br>
કરું સારવાર લઈ હરિનું નામ;<br>
દર્દીમાં મારું રહે એક જ ધ્યાન,<br>
નિદાન કરું સાચું દર્દનું આજ;<br>
દર્દી હસતા મુખે નીકળે રોજ,<br>
ચાહું દિનરાત તે મનની કોર;<br>
રહે ના ગરીબ તવંગરના ભેદ,<br>
રહે ના લાલચ પૈસા કેર એક;<br>
કામ મારું છે નિમિત્ત બનીને,<br>
દર્દ મટે છે ઈશ્વર કૃપાએ.

-ડૉ. સુધીર મોદી

# (૧૧) પૂજ્યશ્રી દેવશંકર બાપા (૧)

**શ્રી રસિકભાઈ મહેતા**

માતા સરસ્વતીના કાંઠે વસેલ સિદ્ધપુર સાધકો અને સિદ્ધોની પૂરણ પ્રસિદ્ધ નગરી છે. ઋષિમુનિ શ્રીકર્દમથી માંડી આધુનિક મુનિશ્રી દેવશંકર બાપા સુધીના સિદ્ધોથી આ પ્રદેશ રૂડો-ઊજળો અને અધ્યાત્મ માટેનું સોપાન છે.

સિદ્ધપુરમાં ધોળા ભટ્ટનો માઢ છે. આ માઢમાં પરમ પવિત્ર અને શાસ્ત્રજ્ઞ પુરુષોત્તમભાઈ ભટ્ટ રહે. તેઓ પોતાનો સમય ઈશ્વરની આરાધના અને કર્મકાંડની પ્રવૃત્તિમાં પસાર કરે. તેઓએ પોતાના પુત્ર હરગોવિંદને કાશી ભણવા મોકલી પંડિત-શાસ્ત્રી બનાવેલા. આવા હરગોવિંદ શાસ્ત્રીને ત્રણ પુત્રો હતા. મોટા માણેકલાલ, વચેટ દેવશંકર અને નાનો પુત્ર ભોગીલાલ.

દાદા પરસોત્તમભાઈને પૌત્ર દેવશંકર ખૂબ વહાલો હતો. તેને પોતાની સાથે જ રાખતા. શાસ્ત્રોની વાતો કરી તેને આનંદ આપતા. દેવશંકરના જન્મ વિશે એક દિવ્ય ઘટના-પ્રસંગ છે. માતા મહાલક્ષ્મી જ્યારે સગર્ભા હતાં ત્યારે કોઈ ભગવાં વસ્ત્રધારી સાધુએ ઘરના આંગણે આવી 'ભિક્ષાન્ન દેહિ મે અન્નપૂર્ણા'ની આહ્લેક પોકારી હતી. કોઈ વિલંબ કર્યા વિના માતા મહાલક્ષ્મી હાથમાં ચોખા લઈને આવ્યાં. તે સમયે આગંતુક ભિક્ષુએ તુર્ત જ બે હાથ જોડી નમસ્કાર કરી કહ્યું કે, 'માતા ! તારાં દર્શન કરીને હું પાવન થઈ ગયો છું. તારી કૂખે એક ઋષિ અવતરવાના છે. હાથમાં ગૌમુખી રાખી માળા ફેરવી રહેલ હરગોવિંદ શાસ્ત્રીએ એ આશીર્વચન સાંભળતા જ પોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા અને એ સાધુમહાત્માનાં દર્શન માટે બહાર આવ્યા, પણ સાધુ ન દેખાતાં સિદ્ધપુરની શેરીએ શેરીએ, દેવાલયો, ચૌટા ફેંદી વળ્યા પણ ક્યાંય એ સાધુનાં દર્શન ન થયાં.'

આ પ્રસંગ પછી પુરુષોત્તમ દાદા શિવજીની આરાધનામાં મગ્ન થયા. સવાર-સાંજ શિવમંદિરે જઈ મંત્રજાપ કરે. પેલા સાધુ પુરુષની વાણી સત્ય બનતી હોય એમ તા. ૧૫-૧૧-૧૯૮૬ના રોજ, સંવત ૧૯૪૩ કાર્તિક કૃષ્ણપક્ષ સંકષ્ટ ચતુર્થીએ મહાલક્ષ્મીની કૂખે પુત્રજન્મ થયો. ઋષિજન્મ થયો.

દાદા પ્રખર જ્યોતિષી હતા. આંતર સ્ફુરિત પ્રભાને પારખીને દાદાએ નવાગંતુક બાળકનું નામ 'દેવશંકર' રાખ્યું. ધીરે ધીરે કુટુંબમાં દેવશંકર બચપણ ભોગવવા લાગ્યા. દાદા પુરુષોત્તમની આંગળી પકડીને દેવશંકરજી સિદ્ધપુરની ધરતી પણ પગલાં માંડતાં થયાં. દાદા અને પૌત્ર એકબીજાના સંયુક્ત શરીરશા બની ગયા. જ્ઞાનનો એકડો દાદાજીએ ઘૂંટાવવો શરૂ કર્યો.

મહાલક્ષ્મી માતાજીએ પુત્ર દેવશંકરને માતા સરસ્વતીનાં દર્શન કરાવ્યાં ત્યારે જાણે કે જન્મોજન્મની પ્રીતિ હોય તેવા ભાવો એ બાળકના મનોમન જાગી ઊઠ્યા. કથાશ્રવણ, કર્મકાંડ દ્વારા આ નાનકડા દેવશંકર દ્વિજ બનવા લાગ્યા. દેવશંકર એક વખતે શ્લોક, ઋચા કે મંત્ર સાંભળી લેતા. તે તેમને કંઠસ્થ બની જતા. દાદાજી દ્વારા શ્રુતિ-સ્મૃતિ અને પુરાણોના પરિચયે દેવશંકર સ્માર્ત બન્યા. કર્દમ ઋષિની તપ, સાધના અને જીવનચર્યાની ખૂબ મોટી અસર દેવશંકર ઉપર પડી. દાદાજીમાં તેઓને સદ્‌ગુરુનાં દર્શન થયાં.

સિદ્ધપુરમાં આવેલા બિંદુ સરોવરની તેમ જ રુદ્રમાળની અને તેની સૂક્ષ્મતા વિશે દાદાજી પાસેથી વાતો સાંભળી. જ્યોતિષશાસ્ત્રના પાયાનું ચણતર જાણેઅજાણે આ બાળમાનસ ઉપર થઈ રહ્યું હતું. ઉંમરે પહોંચતા તેઓ જ્યોતિષના જ્ઞાની બની ગયા હતા. ઉપનયન ધારણ કરવાની ઉંમરે દેવશંકર આવી પહોંચ્યા. મોટા ભાઈ માણેકલાલ અને દેવશંકરને એકીસાથે યજ્ઞોપવિત અપાયું.

યજ્ઞોપવિતની પવિત્રતા અને તેજજ્ઞાનનું બળ પ્રાપ્ત થતાં દેવશંકરના વ્યક્તિત્વ અને વિચારોમાં

નવું બળ પ્રાપ્ત થયું. જ્ઞાનપ્રાપ્તિની ઝંખના જાગી ઊઠી અને જ્ઞાનયાત્રા માટે કાશી જવાની માગણી પિતા સમક્ષ મૂકી. પિતાજીએ સમજણ આપી કે સિદ્ધપુરમાં બધું જ પ્રાપ્ત થઈ શકે તેમ છે એટલે કાશી જવાની જરૂર નથી. 'જો મને કાશીએ નહિ મોકલો તો હું નાસી જઈશ' એવી આખરી વાત મક્કમતાથી દીકરાએ પિતાજીને જણાવી દીધી.

દેવશંકરના દૃઢ મનોબળની અસર દાદા પુરુષોત્તમ ભટ્ટ ઉપર થઈ. તેઓ બોલ્યા કે તારા પિતાને મેં કાશી મોકલી ભણાવ્યા છે એટલે હું જ તને કાશી મૂકવા આવીશ. માતા મહાલક્ષ્મીનું હૈયું દળાવા લાગ્યું. નાનકડો દેવશંકર પરગામ કેવી રીતે વેઠી શકશે ? તેઓએ પતિ પાસે પોતાના મનની વાત મૂકી. પતિ હરગોવિંદ શાસ્ત્રી તો 'ૐ નમઃ શિવાય' બોલી મૌન થઈ ગયા એટલે સસરાજી પોતાની વ્યથા સમજી શકશે એમ માની દાદાજી સમક્ષ વેણ મૂક્યું કે આવડી નાની ઉંમરે તે કંઈ જ્ઞાન પામવાની કહેવાય ? તમે આ બાળહઠને નેવે મુકાવો. 'દાદાજીની આંખો આર્દ્ર થઈ આસું ટપક્યાં. માતાજી સમજી ગયાં કે મારે જ મારી લાગણીઓ ઉપર કાબૂ મૂકીને બાળ દેવશંકરને જ્ઞાન પરબે કાશી જવા માટે ભાલે વિજયતિલક કરીને રજા આપવી જ પડશે. ભારે હૈયે મુહૂર્તના સમયે માતા-પિતા-પુત્ર છૂટા પડે છે અને દાદાની આંગળી પકડી પાછું જોયા વિના રેલવે સ્ટેશનની દિશામાં ચાલી નીકળે છે.'

દાદાજીએ પોતાના પુત્ર હરગોવિંદને કાશીમાં ભણવા માટે અનંતરાય શાસ્ત્રીને ત્યાં મૂક્યા હતા. તેઓશ્રી વેદજ્ઞ, જ્યોતિષજ્ઞ અને કર્મકાંડના પંડિત હતા. એટલે એવા જાણીતા અનંતરાય શાસ્ત્રીના સ્થાને દાદાજ પૌત્ર સાથે પહોંચી ગયા. પણ જાણવા મળ્યું કે અનંતરાય શાસ્ત્રી તો બે વર્ષ પૂર્વે દિવંગત થયા છે. આ સાંભળી દાદાને પગતળેથી જમીન ખસી ગયા જેવો અનુભવ થયો. કાશીમાં આ એક જ ઓળખાણ હતી. એટલે નિરુપાયે અન્ય કોઈ શાસ્ત્રીની શોધ કરી. ક્યાંક એવો જવાબ મળ્યો કે અમારા ગુરુકુળમાં સંખ્યા પૂરતી થઈ ગઈ છે. તો વળી ક્યાંક ગુરુમાતા ભારે ભાષા સાથે બોલ્યાં કે અમે કંઈ નાનાં બાળકોને ઉછેરવાનો ઠેકો નથી રાખ્યો. હતાશા અને નિરાધારપણું અનુભવના કોઈક મંદિરના ઓટલે બન્ને બેસી પડ્યા. પૌત્ર દાદાજીની આંખના ભાવ વાંચે અને દાદા પૌત્રના.

ભગવાન ઉપર પૂર્ણ શ્રદ્ધાના બળે દાદાજીએ પૌત્રને કહ્યું, 'બેટા ગભરાઈશ નહિ. પ્રભુ કોઈને કોઈકનું શરણ પૂરું પાડશે. ત્યાં તો કોઈ દેવ કૃપા થઈ હોય તેમ એક સજ્જને દાદાને પૂછ્યું કે આ તમારો પુત્ર છે ? કાશી બતાવવા આવ્યા છો ? દાદાએ સ્પષ્ટતા કરી કે આ મારો પૌત્ર દેવશંકર છે અને એને કાશીમાં અભ્યાસાર્થે-ભણવા મૂકવા આવ્યો છું, પરંતુ કોઈ ગુરુકુળમાં સ્થાન મળતું નથી.' સજ્જને કહ્યું, 'મારું નામ વસુપ્રદ ત્રિપાઠી છે. હું મંદિરમાં પૂજા કરું છું. તમારા દેવશંકરને હું રાખીશ, ભણાવીશ અને ધાર્મિક ક્રિયાઓ શીખવીશ. ઉપરાંત, પુરાણો અને જ્યોતિષ પણ શીખવીશ. જો તેને શીખવું હશે તો અધ્યાત્મનો માર્ગ પ્રશસ્ત થશે.' સત્યનારાયણનું મંદિર વિશાળ હતું. પાસે જ શિવમંદિર હતું. આ રળિયામણું સ્થાન પવિત્ર પણ હતું.

વસુપ્રદ ત્રિપાઠીએ પોતાનો પરિચય આપ્યો. લોકો મને ત્રિપાઠીદાદા કહીને બોલાવે છે. અમે આઠ વર્ષનો પુત્ર શ્રીધર શીતળાના રોગમાં ગુમાવ્યો છે. મારાં પત્નીનું નામ ભદ્રા છે. પુત્ર ગુમાવ્યાના શોકમાંથી હજી તેને કળ વળી નથી. તે સુશીલ છે અને દેવશંકરને સહેજે ઓછું આવવા નહિ દે. દેવશંકરે ઊભા થઈ માતાનાં ચરણ સ્પર્શ કર્યાં. માતાએ દેવશંકરના માથે હાથ મૂક્યો.

દાદાજી કૃતકૃત્ય થયાની લાગણી સાથે પૌત્રને આશીર્વાદ આપી સિદ્ધપુર તરફ રવાના થયા ત્યારે દેવશંકર સહેજે વિચલિત ન થયા. (ક્રમશઃ)

'પરમ પૂજ્ય ગુરુમહારાજ, દેવશંકર બાપા', પ્ર.આ., પૃ. ૨૦ ❑



સ્ત્રીના વ્યક્તિત્વને અને એના અસ્તિત્વને પણ પુરુષ જેટલું જ મહત્ત્વનું ગણવું જોઈએ. ઘર-પરિવારમાં, સમાજમાં, ધર્મમાં, રાજકારણમાં, ધંધા રોજગારમાં સ્ત્રીની અવગણના ન થવી જોઈએ. એને પણ બરાબરની સમાન તક મળવી જોઈએ.

ઘરના મહત્ત્વના નિર્ણયો લેતી વખતે એનો અભિપ્રાય પણ વજન ધરાવતો હોય એનું નામ છે સ્ત્રી-પુરુષની સમાનતા.

- સ્વામી શ્રી સંપૂર્ણાનંદ 'મૌની ભિક્ષુ'

'મૌન બોલે છે', મે, ૨૦૧૯ માંથી સાભાર

HARIBHAV, JUNE - 2019

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



## બાળકને ભય ન પમાડો...

તમારી અને તમારાં બાળક વચ્ચે ભયનું તત્ત્વ દાખલ થઈ જાય એમ તો કદી ન થવા દેશો. બીકના પાયા ઉપર કેળવણીનું મંડાણ કરવું એ તો મહાજોખમનો માર્ગ છે. બીકમાંથી બાળક હંમેશાં અસત્યનો અને દંભનો આશ્રય લેવા લાગે છે.

ભય પામવું એ જાતે જ ચેતનાનું પતન છે.

- શ્રીમાતાજી

'અર્પણ', ફેબ્રુઆરી, ૨૦૦૯માંથી સાભાર

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com